**આજનો સુવિચાર**

કોઈનો સરળ સ્વભાવ તેની નબળાઈ નથી, તે તેના મૂલ્યો છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૦૩ જૂનાગઢ તા.૧૩-૦૪-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 103, Junagadh : Date : 13 April, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# કેન્દ્રમાં ત્રીજી વખત ભાજપની સરકાર રચાશે : સર્વે

## મોંઘવારી, બેરોજગારી મુખ્ય મુદાઓ હોવા છતાં ભાજપનો હિન્દુ રાષ્ટ્રવાદી એજન્ડા અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું વધતું કદ ત્રીજી વખત સત્તા અપાવવા મદદરૂપ થશે



નવી દિલ્હી, તા.૧૩ઃ લોકસભા ચૂંટણી માટે પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થવાનું છે. આ પહેલા એક નવો સર્વે સામે આવ્યો છે. સર્વે અનુસાર, ભારતીય મતદારોની મુખ્ય ચિંતા વધી રહેલી બેરોજગારી અને મોંઘવારી છે. જો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક મજબૂત નેતા તરીકે અને વિશ્વમાં ભારતનું કદ વધી રહ્યું છે, ત્યારે સતત ત્રીજી વખત કેન્દ્રમાં ભાજપની સરકાર રચાય તેવું લાગી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બીજા કાર્યકાળમાં બેરોજગારીનો દર ૦.૫ ટકા વધ્યો (મોદી ૨.૦). સર્વેમાં સામેલ ૬૨ ટકા લોકોએ કહ્યું કે છેલ્લા પાંચ વર્ષ નોકરીના મામલે મુશ્કેલ હતા. સર્વે મુજબ દેશમાં મતદાતાઓ માટે બેરોજગારી અને મોંઘવારી મુખ્ય મુદા છે, પરંતુ તેમ છતાં પીએમ નરેન્દ્ર મોદી મજબૂત નેતા છે. ભાજપનો હિંદુ રાષ્ટ્રવાદી એજન્ડા અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું વધતું કદ મોદીને ત્રીજી વખત સત્તામાં આવવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે.


લોકનીતિ-સીએસડીએસ દ્વારા હાથ ધરાયેલા સર્વેક્ષણના આધારે ધ હિન્દુ અખબારે જણાવ્યું હતું કે ભારતના ૨૮માંથી ૧૯ રાજ્યોમાં ૧૦,૦૦૦ મતદારોમાંથી ૨૭ ટકાની પ્રાથમિક ચિંતા બેરોજગારી હતી, જ્યારે ફુગાવો ૨૩ ટકા સાથે બીજા સ્થાને હતો. સર્વેક્ષણમાં સામેલ લોકોમાંથી લગભગ બે તળતીયાંશ અથવા ૬૨ ટકા લોકોએ કહ્યું કે પીએમ મોદીના વડાપ્રધાન તરીકેના બીજા કાર્યકાળમાં છેલ્લા પાંચ વર્ષમાં નોકરીઓ મેળવવી વધુ મુશ્કેલ બની ગઈ છે.

૨૨ ટકા લોકોએ કહ્યું કે તેમને પીએમ મોદીના કાર્યકાળમાં અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ પસંદ આવ્યું. માત્ર ૮ ટકા લોકોએ કહ્યું કે આ તેમની પ્રાથમિક ચિંતા છે. સર્વેમાં સામે આવ્યું છે કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા અને પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે, પરંતુ બેરોજગારી અને મોંઘવારી તેના વિકાસમાં અવરોધરૂપ છે.

બેરોજગારીનો દર ૨૦૨૨/૨૩માં વધીને ૫.૪ ટકાનો થયો હતો, જે વડાપ્રધાન મોદીના સત્તામાં આવ્યા પહેલા ૨૦૧૩/૧૪માં ૪.૯ ટકા હતો. અધિકત્તમ ડેટા દર્શાવે છે કે નબળી કુશળતા અને ગુણવત્તાયુક્ત નોકરીઓની અછત છે.

પીએમ મોદીએ જાન્યુઆરીમાં રામ મંદિરનું ઉદઘાટન કર્યું હતું. ભારતીય જનતા પાર્ટી લગભગ દરેક ચૂંટણીમાં પોતાના ચૂંટણી ઢંઢેરામાં દેશની જનતાને આ વચન આપતી હતી. સર્વેમાં સામેલ ૪૮ ટકા લોકોએ કહ્યું કે રામ મંદિરના નિર્માણથી હિંદુઓનો આત્મવિશ્વાસ વધ્યો છે. તે જ સમયે, ૭૯ ટકા લોકોએ કહ્યું કે ભારત માત્ર હિન્દુઓનું નથી, પરંતુ તમામ ધર્મોના નાગરિકો સમાન છે.

## સૂર્યમંડળની બહાર ગુરૂ જેવા નવા ગ્રહની શોધ



નવી દિલ્હી,તા.૧૩ અવકાશ વિજ્ઞાનીઓએ સૂર્યમંડળની બહાર એક નવા ગ્રહની શોધ કરી છે અને તેનો આકાર તથા વજન સૂર્યમંડળના સૌથી મોટા ગ્રહ ગુરૂ જેટલુ છે. આ નવા ગ્રહને ટીએઆઈ ૪૮૬૨બી (એનજીટીએસ-૩૦બી) નામ આપવામાં આવ્યું છે અને તે ધરતીથી ૭૬૨ પ્રકાશવર્ષ દુર છે. ગુરૂ ગ્રહનો આકાર એવડો વિરાટ છે કે તેમાં પૃથ્વી જેવડા ૧૩૦૦ ગ્રહ સમાઈ જાય તેમ છે. આ નવા ગ્રહની શોધ ટ્રાન્ઝીટ એકસોપ્લેનેટ સર્વે સેટેલાઈટ (ટેસ)ની મદદથી થઈ હતી. આ ટેકનીકના આધારે ટ્રાન્ઝીટ પદ્ધતિથી નવા ગ્રહની શોધ કરવામાં આવે છે. કોઈ તારાની ચમક ઘટે તો પણ વૈજ્ઞાનિકો ઓળખ કરી લ્યે છે.

આ નવો ગ્રહ પોતાના તારાની પરિક્રમા ૯૮.૩ દિવસમાં કરે છે અને ત્યાંનું મહતમ તાપમાન ૨૨૬ ડીગ્રી છે જે પૃથ્વી કરતા અનેકગણુ વધારે છે.

# કોઈપણ ઘડીએ ઈઝરાયેલ - ઈરાન યુધ્ધ ફાટી નીકળશે

વોશીંગ્ટન તા. ૧૩ અમેરિકી ઈન્ટેલિજન્સ ઓફિસરો માને છે કે ગણત્રીના કલાકોમાં જ ઈરાન અને ઈરાન સમર્થિત સમગ્ર મિડલ ઈસ્ટના પ્રોક્ષી ગ્રુપો, સમગ્ર ઈઝરાયેલમાં લશ્કરી ટાર્ગેટો ઉપર સેંકડો લોંગ રેન્જ ક્રૂઝ મિસાઈલો, બેલેસ્ટિક મિસાઈલો અને વન વે સુસાઈડ ડ્રોનથી તૂટી પડશે. આજ સુધીની ખરાબમાં ખરાબ પરિસ્થિતિને પહોંચી વળવા ઈઝરાયેલ છેલ્લી તૈયારીઓ કરી રહેલ છે, એવા અહેવાલો ટ્વિટર ઉપરના ભરોસા પાત્ર હેન્ડલ ઉપરથી પ્રસારિત અહેવાલોથી સમગ્ર વિશ્વને સ્તબ્ધ કરી દીધું છે

છેલ્લા ૭૨ કલાકથી તેના યુદ્ધ વિમાનો આકાશમાં ઉડયન કરી એકધારા ઈઝરાયેલની તમામ સરહદો ઉપર ચાંપતી નજર રાખી રહ્યા છે. ઈરાનના કોઈપણ મિસાઈલોને ૧૦ જ મિનિટમાં પહોંચી વળવા તૈયારી રાખવામાં આવી છે. યુદ્ધ ગમે તે ઘડીએ શરૂ થઈ જશે.

આજે આ સમાચારો આવતા સોમવારે જ્યારે બજારો ખુલશે ત્યારે કાચું તેલ - ક્રૂડ ઓઈલ, ડોલર તેમજ સોનું અને વૈશ્વિક શેરબજારો તથા મૂડી બજારોમાં શું અસર વર્તાશે તે અત્યારે કહેવું અઘરું છે. પરંતુ ભારતમાં લોકસભાની ચૂંટણીનો માહોલ છે અને એવી પરિસ્થિતિમાં ક્રૂડ ઓઈલના ભાવ ભડકે બળે અને મોંઘવારી છાપરાફાડ થાય તો ચૂંટણીઓ દરમિયાન સરકાર આ મોંઘવારી સહિતના પ્રશ્નો કેવી રીતે હેન્ડલ કરશે તે એક પ્રશ્ન છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે અમેરિકાએ ઈઝરાયલમાં પોતાની સેના મોકલી છે. 'ટાઈમ્સ ઓફ ઈઝરાયલ'ના રિપોર્ટ અનુસાર, અમેરિકાનું એરક્રાફ્ટ કેરિયર USS ડ્વાઈટ આઈઝનહોવર લાલ સમુદ્ર થઈને ઈઝરાયલ પહોંચી રહ્યું છે. તે ઈરાન દ્વારા છોડવામાં આવતી મિસાઈલ અને ડ્રોનને રોકવામાં માટે સક્ષમ છે.

ન્યૂઝ એજન્સી AFP અનુસાર, એક અમેરિકન રક્ષા અધિકારીએ કહ્યું, 'અમે યુદ્ધને વધતા રોકવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ઉપરાંત, અમે અમેરિકન દળોની સુરક્ષા વધારવા માટે મધ્ય પૂર્વમાં વધારાના સૈનિકો મોકલી રહ્યા છીએ.

અહીં ભારત-અમેરિકા, બ્રિટન, રશિયા અને ફ્રાન્સ સહિત પાંચ દેશોએ તેમના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. જેમાં નાગરિકોને ઈરાન અને ઈઝરાયલ ન જવાની સલાહ આપવામાં આવી છે. હકીકતમાં, ૧ એપ્રિલના રોજ ઈઝરાયલે સીરિયામાં ઈરાની એમ્બેસી નજીક હવાઈ હુમલો કર્યો હતો. જેમાં ઈરાનના બે ટોચના આર્મી કમાન્ડર સહિત ૧૩ લોકો માર્યા ગયા હતા. આ ઘટના બાદ ઈરાને બદલો લેવા ઈઝરાયલ પર હુમલો કરવાની ધમકી આપી છે.

# રામનવમીએ બપોરે ૧૨.૦૪ કલાકે રામલલ્લાનાં ભાલે સૂર્યાભિષેક



અયોધ્યા તા. ૧૨ ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરના નિર્માણ પછી પ્રથમ વખત આવી રહેલી રામનવમીએ પણ ઈતિહાસમાં સ્થાન મેળવે તેવી ઉજવણી હશે. રામનવમીના દિને બપોરે ૧૨ વાગ્યે જયારે પ્રભુનો જન્મ ઉજવાઈ રહ્યો હશે તે સમયે રામલલ્લાની મૂર્તિના ભાલ પર સૂર્યદેવ તિલક કરશે અને આ રીતે પ્રથમ વખત આ અભિષેકનું જીવંત પ્રસારણ પણ દુરદર્શન પરથી થશે જે દેશના કરોડો લોકો નિહાળી શકશે.

એટલુ જ નહી રામનવમીના દિને ભગવાન શ્રી રામની મૂર્તિ પણ ઝળહળી ઉઠશે તે ૧૦૦ એલઈડી પર મંદિરમાં ઉમટેલા ભકતો પ્રભુ રામના દર્શન કરી શકશે. રામનવમીના દિને બપોરે ૧૨ વાગ્યે ચાર મીનીટ સુધી આ સૂર્યતિલક ચાલશે. તેના માટેની ટ્રાયલ પુરી થઈ છે અને તે સફળ પણ રહી છે અને પુરા દોઢ મીનીટનો વિડીયો હાલ વાઈરલ થઈ રહ્યો છે.

આ સૂર્યતિલક માટે સેન્ટ્રલ બિલ્ડીંગ રીસર્ચ ઈન્સ્ટીટયુટ રૂરકીની વૈજ્ઞાનિકો અને બાંધકામ નિષ્ણાંતોની ટીમે તે શકય બનાવ્યું છે અને હવે દર વર્ષે રામનવમીના દિને બપોરે ૧૨ વાગ્યે આ સૂર્યતિલક થશે. આ મીકેનીઝમ માટે બેંગ્લોરની ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ એસ્ટ્રોફિઝીકલની પણ મદદ લેવાઈ હતી અને ખાસ કરીને રામનવમીના દિને સૂર્યપથનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને સૂર્યના કિરણોને ખાસ દિશા આપવા લેન્સ તથા બ્રાસ ટયુબ બેંગ્લોરની એક કંપનીએ નિર્માણ કર્યો છે.

આ સમગ્ર પ્રોજેકટ જેને 'સૂર્યતિલક' નામ અપાયુ હતું તેમાં દર્પણ, સેન્સ-બ્રાસની પાઈપ ટયુબની વ્યવસ્થા એવી રીતે તૈયાર કરવામાં આવી હતી કે મંદિરના શિખર જે ત્રણ માળની ઈમારત જેવું ઉંચુ છે ત્યાં સૂર્યના કિરણો ઝીલીને તેને મંદિરના ગર્ભગૃહ સુધી પહોંચાડવાના હતા અને તેમાં સૂર્યના કિરણોના માર્ગ બદલવાનો ખાસ સિદ્ધાંત તૈયાર કરાયો હતો.


શહેરના ઘોંઘાટથી દુર સાસણના જંગલોમાં

ૐકાર ફાર્મ સ્ટે ભોજલે
By Explore With Nirav
૧ રાત્રી પેકેજ 1100/- થી શરૂ
બ્રેક ફાસ્ટ લંચ-ડીનર સ્વીમીંગપુલ સાથે
9054609861, 9328213261


# રાજકીય પક્ષોને કહેવાતું ડોનેશન આપી કાળા નાણાંને સફેદ કરવાનાં ષડયંત્રનો પર્દાફાશ

## ડોનેશનનાં નામે ઉઘરાવેલી રકમ ૧૦ ટકા કમીશન બાદ કરી પરત આપી દેવામાં આવતી હતી : ઈન્કમટેકસ વિભાગ દ્વારા વ્યાપક તપાસ



અમદાવાદ,તા.૧૩ વર્ષોથી ચોકકસ રાજકીય પક્ષો દ્વારા લોકો પાસેથી ફંડના નામે રૂપિયા લઈ નકકી કરેલુ કમીશન વસુલી બાકીનાં રૂપિયા જે-તે દાતાને પરત આપી દેવાની અનૈતિક પ્રેકટીસ ચાલી રહી છે જેને પગલે આવી પાર્ટી પર ઈન્કમટેકસની વોચ વધી ગઈ છે. માત્ર ગુજરાતમાં જ આવી નોંધાયેલી ૫૦ થી વધુ રાજકીય પાર્ટીઓના આર્થિક વ્યવહારોની વિગતો આયકર વિભાગે એકત્રિત કરી લીધી છે.

હવે આવી રાજકીય પાર્ટીઓ અંગે અને તેમાં ડોનેશન પાર્ટીઓ અને તેમાં ડોનેશન આપનાર લોકોની તપાસ કરવામાં આવશે. સામાન્ય રીતે આવી પાર્ટીઓ મોટા વેપારીઓ ઉદ્યોગપતિઓને ડોનેશનના ૫ થી ૧૦ ટકા જેટલૂ કમીશન લઈને લાખો રૂપિયાનો ઈન્કમટેકસ બચાવી આપતી હોય છે. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચે આવી જ રીતે કમીશન લઈને ઈન્કમટેકસ બચાવી આપતી બનાવટી રાજકીય પાર્ટીનાં માસ્ટર માઈન્ડની ધરપકડ કરીને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

ધો.૧૨ ફેલ યુવાને રાજકીય પક્ષ એનપીસીનાં નામનું બેંક એકાઉન્ટ ખોલાવી લોકોને ૧૦૦ ટકા ઈન્કમટેકસ રીબેટ આપવાની લાલચ આપી ૨.૮૦ કરોડ રૂપિયા ઉઘરાવી લીધા હતા. તેણે ૧૦-૧૫ લાખના કમીશન લઈને બાકીનાં પૈસા ડોનરોને પરત કરી દીધા હતા. આ બાબતે અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચે તપાસ કરીને કાંડ કરનાર મહમદ આમીર શેખને ઝડપી લીધો છે.

તેણે રાષ્ટવાદી કોંગ્રેસ પાર્ટી (એનપીસીના) ભળતા નામ એટલે કે નેચર્સ સિરીયલ પેકેજીંગના નામે બેંક એકાઉન્ટ ખોલાવ્યું અને સોશ્યલ મિડિયા પર રાજકીય પક્ષ એનસીપીને ફંડ આપો અને ૧૦૦ ટકા ઈન્કમટેકસ રીબેટ મેળવો તેવી જાહેરાત કરી હતી. જે લોકોએ તેને રાજકીય પક્ષ એનસીપીની રીસીપ્ટ આપી હતી. હવે આ સમગ્ર કૌભાંડમાં ડોનેશનના નામે રૂપિયા આપનાર અને રૂપિયા પડાવનારને પરસ્પર એકબીજા સામે કોઈ જ વાંધો નહોતો. આ કૌભાંડની જાણ રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીનાં ખજાનચીને થઈ અને તેમણે ફરીયાદ નોંધાવી ત્યારે સમગ્ર મામલો બહાર આવ્યો હતો. હવે એનસીપીના નામે બોગસ એકાઉન્ટ ખોલાવનાર આમીર શેખે ૮૬ લોકો પાસેથી ૨.૮૦ કરોડ ડોનેશનનાં નામે લીધા અને કમીશન કાપીને રૂપિયા પરત આપી દીધા હતા. પરંતુ આવી રીતે ઈન્કમટેકસ બચાવવાનો ખેલ થાય છે. તે વાત વધુ એક વખત સાબિત થઈ છે. હાલ તો પોલીસે ૮૬ ડોનરોની વિગતો આયકર વિભાગને આપી દીધી છે અને આયકર વિભાગ તેમની કરચોરી શોધવાની કવાયત કરશે.

## વડોદરા શહેરમાં રૂપાલા વિરોધી પોસ્ટર લાગ્યા : પોલીસ દોડતી થઈ

વડોદરા તા. ૧૩ લોકસભાની ચૂંટણીમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે ક્ષત્રિય સમાજ અને રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ કરેલી ટિપ્પણીને લઈ હજુ વિવાદ શમ્યો નથી. વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર બાદ હવે શહેરના માંજલપુર વિસ્તારમાં મોડીરાત્રે "ભાજપના કોઈપણ કાર્યકાર અને આગેવાનેએ પ્રવેશવું નહીં, જ્યાં સુધી પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ ન થાય ત્યાં સુધી" એવાં બેનરો લાગતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. આ બાબતે આગેવાનોએ પોલીસને ભાજપની ગુલામ કહી હતી.

આગામી લોકસભાની ચૂંટણીમાં પુરુષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિરુદ્ધ કરવામાં આવેલા નિવેદનને ધ્યાનમાં રાખીને શહેરના માંજલપુરમાં ભાજપના કાર્યકરો, ઉમેદવારોને પ્રવેશબંધી કરતાં બેનરો રાતોરાત લગાવી દેતાં શહેરમાં પણ વિરોધ શરૂ થયો છે. હાલમાં શહેરમાં લોકસભાની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારોના ચૂંટણીપ્રચાર શરૂ કરી દીધા છે, જેમાં ઘરે ઘરે ફેરણી, વિસ્તારોમાં રેલીઓ યોજવામાં આવી રહી છે, પરંતુ બીજી તરફ પુરુષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિરુદ્ધ કથિત નિવેદનને પગલે જ્યાં એક તરફ સમગ્ર રાજ્યમાં રૂપાલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે, સાથે જ રૂપાલાની ઉમેદવારી રદ કરવા માગ ઊઠી છે. ત્યારે શહેરના માંજલપુરમાં પણ હવે રાજપૂત કરણીસેના તથા ક્ષત્રિય સમાજ દ્વારા રાત્રે બેનર લગાવી વિરોધ નોંધાવ્યો છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**એક શુભેચ્છક**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જાગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સોમવા-૩૪ હવે, સિરપ માં પણ ઉપલબ્ધ

બાળકના નિરોગી ઉછેર માટે
ભાવનગરી ચોત્રીસી કડવાટ




ભરોસો 'મા' જેવો...

સોમવા-૩૪ એ ચોંત્રીસ કડવાટોનું એવું સંયોજન છે, જે બાળકોની નાની-નાની તકલીફો જેવી કે રાત-દિવસ રડયા કરવું, દૂધનું પાચન ન થવું, આફરો, પેટમાં ચૂંક આવવી, કૃમિનો ઉપદ્રવ, વારંવાર ઝાડા થવા, રાત્રે બરાબર ઉંઘ ન આવવી વિગેરે દૂર કરી બાળકને તંદુરસ્ત અને હૃષ્ટપુષ્ટ બનાવે છે. બાળકના નિરોગી ઉછેર માટે સોમવા-૩૪ પૂરતું છે.

કાયમ ચૂર્ણવાળા શેઠ બ્રધર્સનું ઉત્પાદન.


દરેક મેડીકલ સ્ટોર્સ તથા આયુર્વેદિક સ્ટોર્સમાં ઉપલબ્ધ

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# ઉપલા દાતાર બાપુની જગ્યાનાં મહંત ભીમબાપુ દ્વારા અભિયારણ્ય બચાવવા અપીલ



જૂનાગઢ તા. ૧૩ : ઉપલા દાતાર બાપુની જગ્યાનાં મહંત પૂ. ભીમબાપુ દ્વારા ભાવિકો-સેવકો અને યાત્રાળુઓને અભિયારણ્ય બચાવવા અપીલ કરી છે. પુ. ભીમબાપુએ જણાવ્યું છે કે દાતાર બાપુનાં દર્શન કરવા આવો ત્યારે પાણીની બોટલ, પ્લાસ્ટીકની થેલી, માવાના કાગળ કે કોઈ નાસ્તો લાવ્યા હો તો તેનાં કાગળ જંગલ વિસ્તારમાં જયાં ત્યાં ન ફેંકો, અભિયારણ્ય સાચવવું દરેક નાગરીકની જવાબદારી છે. કાગળ, પાણીની બોટલ કે અન્ય કચરો જયાં ત્યાં ન ફેંકતા. દાતાર પર્વત ઉપર કચરો નાંખવા માટે વન વિભાગ દ્વારા ડસ્ટબીન મુકી ખુબ સારી વ્યવસ્થા કરી છે. તો આવો આપણે સૌ સાથે મળી પર્યાવરણનું જતન કરીએ તેવી અપીલ પૂ. ભીમબાપુએ કરી છે. (તસ્વીર : વિજય ત્રિવેદી)

# છેલ્લા નવ દિવસથી પાણી ન આવતા માંગરોળના વણકરવાસમાં દેકારો મહિલાઓએ નગરપાલીકા ખાતે આવી પ્રશ્નનો નિવેડો લાવવા ઉગ્ર માંગ કરી






(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૩

માંગરોળમાં પાણીના કુવાઓ ડુકી જતા હાલ પાણીની તંગી તો સર્જાઈ છે. પરંતુ તંત્રના પાપે શહેરના વણકરવાસના અનેક ઘરો આજે નવ, નવ દિવસથી પાણી નસીબ થયું નથી. અહીં ૬૦ થી ૭૦ જેટલા ઘરોમાં પુરતા દબાણના અભાવે પાણી મળતું ન હોય, સમસ્યાના નિરાકરણને બદલે અપાતા આશ્વાસનો અને પાણીની તીવ્ર તંગીથી ત્રસ્ત મહીલાઓ ખાલી બેડાં સાથે પાલિકાએ દોડી આવી હતી અને સોમવાર સુધીમાં આ પ્રશ્નનો નિવેડો લાવવા ઉગ્ર માંગ કરી હતી. શહેરને પાણી પૂરું પાડતા ઢેલાણા નજીક આવેલા ચાર કુવાઓ ડુકી જતા દર વર્ષની જેમ આ વર્ષે પણ પાણીની તંગી ઉભી થઈ છે. હાલ પાંચ થી છ દિવસે પાણી વિતરણ થઈ રહ્યું છે. દરમ્યાન પાલિકાએ મહી પરીએજ યોજનાનું દૈનિક ૭૦ લાખ લીટર પાણી આપવા પા.પુ. બોર્ડને દરખાસ્ત કરી છે. પરંતુ બે દિવસ પહેલા ફક્ત ૪૦ લાખ લીટર પાણી આપવામાં આવ્યું છે. દર વખતે દધિચી ડેમના ચાર કુવા અને ઓઝત વિયરમાંથી પા.પુ. બોર્ડ પાણીનો જથ્થો પુરૂં પાડતું હતું. પણ આ વર્ષે આ ચાર કુવા વહેલા ડૂકી ગયા છે. પરિણામે આવનારા દિવસોમાં ઓઝત વિયરના પાણી ઉપર જ સંપૂર્ણ આધાર રાખવો પડે તેવી સ્થિતિ છે. આગામી દિવસોમાં પા.પુ. બોર્ડ નિયમિત અને પુરતો જથ્થો નહીં આપે તો પાણીની સ્થિતિ વણસે તેવી શક્યતા નકારી શકાતી નથી. એક તરફ પાણીની કારમી તંગી તો બીજી તરફ ન.પા. તંત્રની લાપરવાહીથી શહેરના વણકરવાસના ૬૦ જેટલા પરિવારો પાણી માટે રીતસરના ઝઝૂમી રહ્યા છે. આ પરિવારો પુરતા ફોર્સના અભાવે અનેકવાર પાણીથી વંચિત રહી જતા હોય છે. પાણીની આ સમસ્યા બાબતે અનેકવાર રજૂઆતો કરી છે. પરંતુ પરિસ્થિતિ "જૈસે થે" હાલતમાં છે. હાલમાં ઉનાળામાં નવ દિવસથી પાણી મળ્યું નથી. સાધારણ આર્થિક સ્થિતિ ધરાવતા લોકોને પાણી વેચાતું લેવું પરવડે તેમ નથી. આજે તંગ આવી ચૂકેલી મહીલાઓએ ખાલી બેડાં સાથે પાલિકાએ પહોંચી "પાણી આપો, પાણી આપો" ના સૂત્રોચ્ચાર સાથે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. સમસ્યાના નિવેડા માટે ન.પા. ચીફ ઓફીસરે બે અલગ ઝોન કરી આપવાની હૈયાધારણા આપી હતી. ત્યારે આ પ્રશ્નનું તાકીદે નિવારણ નહીં થાય તો ઉગ્ર આંદોલનની પણ ચિમકી આપવામાં આવી હતી.

## ભારતમાં પ્લાસ્ટિક વેસ્ટનું માથાદીઠ ઉત્પાદન સૌથી ઓછું

# પ્લાસ્ટિક કચરાનો અયોગ્ય નિકાલ કરતાં વિશ્વના ટોચના ૧૨ દેશોમાં ભારત સામેલ

**સ્વિટ્ઝર્લેન્ડની ઈએ અર્થ એક્શનના ‘ધ પ્લાસ્ટિક ઓવરશૂટ ડે’ અહેવાલમાં જણાવ્યા અનુસાર ૨૦૨૧થી વૈશ્વિક પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન ૭.૧૧ ટકા વધ્યું છે**



નવી દિલ્હી, તા.૧૩

પ્લાસ્ટિક કચરો મોટી સમસ્યા છે ત્યારે વિશ્વના ૬૦ ટકા પ્લાસ્ટિક વેસ્ટના મિસમેનેજમેન્ટ માટે જવાબદાર ૧૨ દેશમાં ભારતનો સમાવેશ થાય છે. જોકે, પ્લાસ્ટિક કચરાના માથાદીઠ ઉત્પાદનની રીતે ભારત તળિયે છે. સ્વિટ્ઝર્લેન્ડની ઈએ અર્થ એક્શનના ‘ધ પ્લાસ્ટિક ઓવરશૂટ ડે’ અહેવાલમાં જણાવ્યા અનુસાર ૨૦૨૧થી વૈશ્વિક પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન ૭.૧૧ ટકા વધ્યું છે. ચાલુ વર્ષે ૨૨ કરોડ ટન પ્લાસ્ટિક વેસ્ટનું ઉત્પાદન થયું હોવાનો અંદાજ છે. જેમાંથી ૭ કરોડ ટન પર્યાવરણને પ્રદૂષિત કરશે. કેનેડાના ઓટાવા ખાતે યોજાનારી સંયુક્ત રાષ્ટ્રની ઈન્ટરગવર્મેન્ટલ નેગોશિએટિંગ કમિટી (આઈએનસી)ની ચોથી બેઠક અગાઉ આ અહેવાલ આવ્યો છે. બેઠકમાં વૈશ્વિક નેતાઓ પ્લાસ્ટિકના પ્રદૂષણને અટકાવવા કાયદો વિકસાવવાનો પ્રયાસ કરશે. અહેવાલમાં જણાવ્યા અનુસાર “વિશ્વના ૬૦ ટકા પ્લાસ્ટિક કચરાના મિસમેનેજમેન્ટમાં ૧૨ દેશ જવાબદાર છે. જેમાં ચીન, ભારત, રશિયા, બ્રાઝિલ, મેક્સિકો, વિયેટનામ, ઈરાન, ઈન્ડોનેશિયા, ઈજિપ્ત, પાકિસ્તાન, અમેરિકા અને તુકીનો સમાવેશ થાય છે.” અહેવાલમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, પ્લાસ્ટિક કચરાના ઓછા માથાદીઠ ઉત્પાદન (વર્ષે માથાદીઠ ૮ કિગ્રા)માં ભારતને ‘ઓછા કચરાનું ઉત્પાદન’ કરતા દેશ તરીકે ગણાવાયો છે. ૨૦૨૪માં પ્લાસ્ટિક કચરાનું મિસમેનેજમેન્ટ ૭૪ લાખ ટન છે, જે ઘણું ઊંચું છે. તેમ છતાં ભારતના પ્લાસ્ટિક કચરાનું મિસમેનેજમેન્ટ ચીન કરતાં પાંચમા અને અમેરિકાની તુલનામાં ત્રીજા ભાગનું છે. અહેવાલમાં દાવો કરાયો છે કે, ભારત પર્યાવરણને ૩,૯૧,૮૭૯ ટન માઈક્રોપ્લાસ્ટિક કચરાથી પ્રદૂષિત કરશે. જ્યારે ૩૧,૪૮૩ ટન કેમિકલ કચરો પાણીમાં છોડશે. બેલ્જિયમના લોકો પ્લાસ્ટિક કચરાની બાબતમાં મોખરે છે. તેમના વ્યક્તિદીઠ પ્લાસ્ટિક વેસ્ટનું વાર્ષિક ઉત્પાદન ૧૪૭.૭ કિગ્રા છે.

# લીંબુની ખેતીમાં રૂપિયાનો ઢગલો, એક વખત ખર્ચ બાદ આવક રહે ચાલુ



ભાવનગર, તા.૧૩

ખુલ્લી ખેતીમાં હવે ખર્ચા વધી ગયા છે. ખાસ કરીને મજુર મળવા મુશ્કેલી બનતા જાય છે. ત્યારે ખેડૂતો બાગાયતી પાક અને રોકડિયા પાક તરફ વળ્યાં છે. ખેડૂતો સરગવો, લીંબુ, સીતાફળ, બોર, જામફળ, આંબળા વગેરેની ખેતી કરતા થયા છે. તેમજ આંબાનાં બગીચા પણ કરતા થયા છે. બાગાયતી પાકમાંથી સારી કમાણી કરી રહ્યાં છે. ભાવનગર જિલ્લાનાં જેસર તાલુકાનાં બીલા ગામનાં ખેડૂત રમેશભાઈ રાદડિયા છેલ્લા સાત વર્ષથી લીંબુની ખેતી કરી રહ્યાં છે. તેમજ રાજ્યપાલનાં હસ્તે પ્રગતિશીલ ખેડૂત તરીકેનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. જેસર તાલુકાનાં બીલા ગામનાં ખેડૂત રમેશભાઈ રાદડિયાની ઉંમર ૬૦ વર્ષની છે અને ૧૨ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે. રમેશેભાઈએ ખેતીમાં સફળતા મેળવી છે અને પ્રગતિશીલ ખેડૂતનું બહુમાન મેળવ્યું છે. રમેશભાઈનું રાજ્યપાલનાં હસ્તે સન્માન પણ કરવામાં આવ્યું હતું. રમેશભાઈ પાસે ૨૪ વિઘા જમીન છે. આ જમીનમાં લીંબુની ખેતી કરી રહ્યાં છે. ખેડૂતે જણાવ્યું હતું કે, ૨૪ વિઘામાં અંદાજીત ૯૦૦ જેટલા લીંબુનાં છોડનું વાવેતર કર્યું છે. હાલ ઉત્પાદન શરૂ થયું છે. ખેડૂત રમેશભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, લીંબુની ખેતીમાં બે થી ત્રણ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. હાલ લીંબુનું છથી સાત લાખનું ઉત્પાદન થઈ રહ્યું છે. સંપૂર્ણ ખેતી ગાય આધારીત કરવામાં આવે છે. ખાસ કરીને ઉનાળામાં લીંબુનાં ભાવ સારા મળે છે. એક કિલો લીંબુનાં ભાવ ૧૨૦ રૂપિયાથી લઈને ૧૪૦ રૂપિયા મળે છે. લીંબુનું વેચાણ પાલીતાણા, મહુવા, ભાવનગર સહિતનાં શહેરોમાં કરવામાં આવે છે. ખેડૂત રમેશભાઈ પ્રગતિશીલ ખેડૂત છે. રાજ્યપાલના હસ્તે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ રમેશભાઈ છેલ્લા સાત વર્ષથી ગાય આધારીત ખેતી કરી રહ્યાં છે. લીંબુની ખેતીમાં ખર્ચ સામે સારું ઉત્પાદન અને સારી આવક થઈ રહી છે. ગાય આધારીત ખેતીનાં કારણે અન્ય ખર્ચમાંથી પણ રાહત મળી છે.


પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા
કોર્નરનો પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪


# બુધવારે રાજકોટ જિલ્લાના રામોદમાં કુરિવાજાને ફગાવી ઐતિહાસિક લગ્ન સમારોહ યોજાશે

**સ્મશાનમાં વરરાજાનો ઉતારો, ભૂત-પ્રેતનું સરઘસ, કાળી સાડી, ઉંધા ફેરા, કુરિવાજોને તિલાંજલિ અપાશે**




(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૩

કોટડા સાંગાણી તાલુકાના, રામોદ ગામમાં રામનવમી બુધવારે મનસુખ ગોવિંદભાઈ રાઠોડ પરિવારે સદીઓથી ચાલી આવતી માન્યતા-પરંપરાને કોરાણે રાખીને સ્મશાનમાં વરરાજા પરિવારને ઉતારો આપી, કુરિવાજોને તિલાંજલિ આપવાનો ઐતહાસિક લગ્ન સમારોહ યોજાવાનો છે તેમાં કન્યા પક્ષના મોભીઓ કાળા વેશ પરિધાનમાં જાનૈયાનું સ્વાગત કરી ઉતારો આપશે. બૌધ્ધ સાથે વિજ્ઞાન જાથાની વિચારધારાને અનુલક્ષીને લગ્ન સમારોહ રાખવામાં આવ્યો છે. રામોદમાં જાન કમર કોટડા નિવાસી મુકેશભાઈ નાજાભાઈ સરવૈયા પરિવારની આવવાની છે.

જયેશ વરરાજાનું સ્વાગત રામોદની કન્યા પાયલ કાળી સાડીના વેશ પરિધાનમાં ભૂત-પ્રેતના સરઘસ સાથે કરશે. સામૈયામાં અશુભને તિલાંજલિ આપી નવતર કાર્યક્રમ યોજાવાનો છે. વર-કન્યાની લગ્ન વિધિ બૌધ્ધ અને વિજ્ઞાન જાથાની વિચારધારાને અનુરૂપ યોજાશે. મુર્હુત-ચોઘડીયાને ફગાવી ઊંધા ફેરા રાખી બંધારણના સોગંદ બોલી શપથ ગ્રહણ કરશે. જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે બુધવાર તા. ૧૭મી એ જાથાની ટીમ રામોદ ગામમાં સવારે ૮ કલાકે પહોંચી ઐતિહાસિક લગ્ન સમારોહનું સંચાલન કરશે. પ્રારંભમાં સવારે ૯ થી ૧૦ એક કલાક સુધી સદીઓ જુની માન્યતાને ખંડન કરી સામૈયું, સ્મશાનમાં ઉતારો સાથે વર્ષો જુની માન્યતાને ફગાવવામાં આવશે. સમજણપૂર્વકનો લગ્ન સમારોહ સાથે અંધશ્રદ્ધાને નેસ્તનાબુદ કરવામાં આવશે. કન્યા પાયલ અને વરરાજા જયેશને લગ્નનું હાર્દ સમજાવી વૈજ્ઞાનિક મિજાજ કેળવવા સંબંધી હકિકત મુકવામાં આવશે. કાળી વસ્તુ, કાળું વસ્ત્ર જ જે અશુભ માનવામાં આવે છે તે છિન્ન મનોવૃત્તિ છે, હકિકત નથી. દ્રઢ મનોબળ કેળવાય તે સંબંધી આયોજન રાખવામાં આવ્યું છે. મુર્હુત-ચોઘડીયા માનવીએ બનાવેલ છે, કુદરત-પ્રાકૃતિક નિયમ સાથે કશી લેવા-દેવા નથી. લગ્ન સમારોહ આદર્શ દાંપત્યજીવન સાથે દ્રઢ મનોબળ કેળવાય સાથે લગ્નવિધિ સાચી હકિકત-તકર્દ્રષ્ટિ મુકવાનો કાર્યક્રમ છે. દેશમાં સૌને માનવા ન માનવાની બંધારણે અધિકાર આપ્યો છે. તે મુજબ સમગ્ર આયોજન કરવાના છીએ. આ લગ્ન સમારોહને સફળ બનાવવા ગોવિંદભાઈ દાનાભાઈ, પ્રવિણભાઈ રાઠોડ, બાબુભાઈ રાઠોડ, મનસુખભાઈ ગોવિંદભાઈ, સુરેશભાઈ ગોવિંદભાઈ, જેન્તીભાઈ રાઠોડ, અંકિત મનસુખભાઈ અને હિરેન સુરેશભાઈ સહિત ગામના જાગૃતો અને મિત્ર મંડળ, જાથાના સદસ્યો જોડાવાના છે.

# કેશોદમાં આંબેડકર નિબંધ સ્પર્ધામાં આયુષી મકવાણાએ નિર્ણાયકોને સ્તબ્ધ કર્યા




(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૩

ભારતીય વિકાસ પરિષદ દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવેલી જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જેના ભાગરૂપે નિબંધ સ્પર્ધામાં આયુષીબેન પ્રકાશભાઈ મકવાણા ધોરણ-૯ જી.ડી. વાછાણીની શાળાની વિદ્યાર્થીનીએ નિર્ણયકોને મુંજવતા કરી દીધા હતા. આ વિદ્યાર્થીનીએ ડો. બાબા સાહેબ આંબેડકરના જીવનથી મૃત્યું સુધી તમામ કાર્યશૈલીઓ, સામાજીક પ્રવૃતિઓ, જીવનશૈલીની તારીખ વર્ષ સાથે રજુ કરી ૫૦૦ શબ્દોમાં ૩૦ મિનીટની અંદર પુર્ણ કરી એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ હતું. અંદરના સુત્રો દ્વારા એવું પણ જાણવા મળેલ છે કે અમદાવાદ ખાતે ડો. આંબેડકર નિબંધની સ્પર્ધામાં રાજયકક્ષાએ બીજો નંબર મેળવેલ અને તે સમયના જીલ્લા શિક્ષણ અધિકારી ડોડીયાના હસ્તે ઈનામો અર્પણ કરેલ અને બીજી માહિતી એવી પણ મળી રહી છે કે ૧૪ એપ્રિલના રાત્રે ૯ કલાકે મેઘવાડ સમાજ દ્વારા આ વિદ્યાર્થીનીને સન્માનીત કરવાનું આયોજન થયેલ છે. આમ તેણે કેશોદનું ગૌરવ વધાર્યું છે. આવા ધુરંધર વિદ્યાર્થીનીઓને સૌરાષ્ટ્ર ભૂમિ અભિનંદન પાઠવે છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્રી નોરતા..
ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીલ આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# સોમનાથ-વેરાવળ ફાયર બ્રિગેડ શહેર કે જીલ્લાની કોઈપણ આગને બુઝાવવા સક્ષમ

**૧૪ એપ્રિલ ૧૯૪૪ મુંબઈના વિકટોરીયા ડોક-પોર્ટમાં જહાજમાં બ્લાસ્ટ સાથે લાગેલી આગમાં શહીદ થયેલા ફાયર બ્રિગેડના જવાનોને શ્રધ્ધાંજલી આપવા ગીર સોમનાથ-વેરાવળ-ફાયર બ્રિગેડ દ્વારા શોકદર્શક, જાગૃતી પ્રેરક કાર્યક્રમો**



(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૩

૧૪ એપ્રિલ ૧૯૪૪ના દિવસે મુંબઈના વિકટોરીયા ડોકમાં એસ.એસ.ફોર્ટ સ્ટાઈકન બોટમાં ભયંકર બ્લાસ્ટ સાથે લાગેલી ભિષણ આગમાં વ્યાપક જાન માલની ખુવારી થઈ હતી જેમાં આગ બુઝાવવામાં પોતાના જીવનનું બલિદાન આપનાર મુંબઈ ફાયર બ્રિગેડના ૬૬ જવાનોના આત્માને શાંતિ અર્પવા દેશભરમાં ફાયર બ્રિગેડ સ્ટેશનોએ કાર્યક્રમો યોજાય છે.

ગીર સોમનાથ ફાયર બ્રિગેડ સ્ટેશન-વેરાવળના ઓફીસર રવિરાજસિંહ ચાવડા કહે છે અમારા જીલ્લાનું આ મોડલ ફાયર સ્ટેશન છે જેમાં ૧૨૦૦૦ ટન પાણી સમાવી શકે તેવા ૩ વોટર બ્રાઉઝર છે. ૧ રેસ્કયુ વ્હીકલ પણ છે જે ઈમરજન્સીમાં ઈમારત તોડવા- ઝાડ તોડી રસ્તો ખુલ્લો કરવા બિલ્ડીંગ પડયું હોય તેન સ્લેબને ઉંચકવા કે, કાપવા, ખસેડવા, ડુબતા માણસને બચાવવા બોયા, લાઈફ જેકેટ, કેમીકલ ગેસ લીકેજ ગુંગવાળમણથી બચી રેસ્કયુ કરવા, ફોમ ટ્રોલી જનરેટર સાથેનો કુલ ૧૪ જવાનોનો સ્ટાફ છે જે ત્રણ સીફટમાં કાર્યરત છે.

અમારા ફાયર બ્રાઉઝર કે જેને દેશભાષામાં લોકો આગનો બંબો કહે છે તેમાં પમ્મ સાથ ફોર્સ સેન્ટ્રી ફયુગલ પંપ લાગેલો જ હોય છે અને જેને પીટીઓથી કનેકટ કરેલ હોય છે જેથી ગાડીનું એન્જીન પમ્પ ચાલુ થાય અને જેમ જેમ લીવર દયો તેમ પંપમાંથી છુટતા પાણીની સ્પીડ પણ વધ. રવિરાજસિંહ અને તેનો સમગ્ર સ્ટાફ ઉત્સાહી અને આશાવાદ સાથે કહે છે. આગમી દિવસોમાં ટર્ન ટેબલ લેડર પણ આવવાનું છે તે ૨૫ મીટર ઉંચાઈ સુધી જઈ શકે અને તેના સેન્ર્સસ એટલા પાવર ફુલ સંકેત આપતા હોય છે કે આ સીડીને ઉભવા માટે જમીન ઉપર પ્રોપર જગ્યા ન મળે તો હાઈડ્રોલીક ન જ ખુલે. મતલબ કે, ગટર ક પોલી જગ્યા ઉપર સીડી ન મુકવા સંકેત આપી દે. અમારી બધી જ ગાડીઓમાં વાયરલેસ સેટ ગોઠવવાયેલા હોય છે અને અધિકારીઓ પાસે વોકીટોકી સેટસ કાર્યરત હોય છે. આ ઉપરાંત વાયરલેસ સેવા સાથે પણ અમો સંકળાયેલા છે. ગુજરાતના જે ૩૨ જીલ્લાઓમાં મોડલ ફાયર સ્ટેશન ફાળવાય છે તેમાનું એક વેરાવળ છે. જે સ્ટેટ ફાયર પ્રિવેન્સન સર્વીસ છે. ૧૪ એપ્રિલ ફાયર બ્રિગેડના અમર શહિદો માટે મૌન-પુષ્પાંજલી, ફાયર બ્રિગેડના સાધનો સાથેની માર્ચ તથા રાજયકક્ષાનો આ દિવસ સિધ્ધપુર પાટણ ખાતે યોજાનાર હોય ત્યાં પણ અમારા પ્રતિનિધી ઉપસ્થિત રહેશે.

તા.૧૪થી ૨૦ એપ્રિલ ફાયર સેફટી વીક ઉજવાશે જેમાં શાળાઓમાં આગ બુઝાવવાની કામગીરી નિર્દેશન-ચિત્ર સ્પર્ધા, ફાયર સેફટી સુત્ર કાર્ડ, પ્રદર્શન, ડેમો યોજવા આયોજન કરી રહ્યા છીએ.

ગત વરસે વેરાવળમાં ૧૩૬ આગ લાગવાના બનાવો બન્યાતા અને ૭૧ રેસ્કયુ ઓપરેશન જેમાં માનવ, પશુ, પક્ષીનો પણ સમાવેશ થાય છે તે સફળતાપૂર્વક પાર પાડયાં. ૧૦૪ જેટલા સોમનાથ અને જીલ્લામાં આવેલા વીવીઆઈપી પ્રતિભાઓ સમયે સજાગ-સર્તકતા સાથે શ્રેષ્ઠ ફરજો બજાવી વર્ષભરમાં ૪૦ ફાયર સેફટી ટ્રેનીંગ જેમાં ૯ હોસ્પીટલો, ૨૩ સ્કુલો, ૬ જીલ્લા સરકારી કચેરીઓમાં, ૭૯૦૦ લોકોને તાલીમબધ્ધ કર્યા.

**સોમનાથ મંદિર અને ફાયર સુરક્ષા**

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરના તમામ અતિથીગૃહો ફાયર સેફટી પાઈપથી રક્ષીત કરાયા છે એટલે કે, સમગ્ર બિલ્ડીંગોની આસપાસ કાયમી ધોરણે પાઈપ લાઈન જડી અને તેની સાથે મોટર રાખી જયારે સંકટ સમયે ફાયર બ્રિગેડના હોઝ પાઈપ સાથે લીંક અપાય કે તરતજ એ જડાયેલા પાઈપોથી આગ બુઝાવવા પાણી ઈમારત સુધી પહોંચી જાય અને તેના માટે ત્રણ સીફટમાં ફાયર જવાનો પણ રાખવામાં આવેલ છે કે જે કાયમી ચેક કરતા રહે છે કે, મોટર ચાલે છે કે નહીં, ટાંકીમાં પાણી છે કે, નહીં, આ ઉપરાંત ટ્રસ્ટના ડોરમેટરી પાસે એક વિશાળ ભુગર્ભ ટાંકોય બનાવાયેલ છે કે જેમાં અતિથીગૃહોની અગાસીના ધોરીયાઓનું વરસાદી પાણી સંચય કરાય છે. ફાયર એકસ્ટીગ્યુટર ફોમ સીલીન્ડર મંદિરના તમામ સંકુલોમાં રાખવામાં આવેલ છે અને આગનો સામનો કેવી રીતે કરવો તેની ટ્રેનીંગ અને આગ બચાવ સાધનો કવી રીતે વાપરવા તે નિષ્ણાંતો દ્વારા સમયાંતરે યોજાતી રહેતી હોય છે.

# તા.૭મી મેએ સાથે મળી અવશ્ય મતદાન કરીએ

**મહંત શ્રી શેરનાથ બાપુ દ્વારા મતાધિકારનો ઉપયોગ કરવા જનતાને અપીલ**



જૂનાગઢ તા.૧૩

ગોરક્ષનાથ આશ્રમના મહંત શ્રી શેરનાથ બાપુએ તા.૭મી મેએ સાથે મળી અવશ્ય મતદાન કરવા માટે અપીલ કરી છે. તેમણે નાગરિકોને પોતાનો કીમતી અને અમૂલ્ય મત આપવો જરૂરી ગણાવતા કહ્યું કે, યોગ્ય જન પ્રતિનિધિની નિયુક્તિ માટે મત આપવો જરૂરી છે. ત્યારે કોઈપણ વંશ, જાતિ ધર્મને ધ્યાને રાખ્યા વગર અચૂક મતદાન કરીએ. તેવો અનુરોધ મહંત શ્રી શેરનાથ બાપુએ કર્યો છે.

# દીપાવલી પર્વની જેમ લોકશાહીનું મહાપર્વ ઉત્સાહભેર મતદાન કરીને ઉજવીએ

**તા.૭મી મેએ જ્ઞાતિ-જાતિથી ઉપર ઉઠી મતદાન કરવા માટે મહંત શ્રી ઈન્દ્રભારતી બાપુની મતદાન કરવા માટે અપીલ**



જૂનાગઢ તા.૧૩

દીપાવલી પર્વની જેમ લોકશાહીનું મહાપર્વ ઉત્સાહભેર મતદાન કરીને ઉજવીએ તેવો અનુરોધ કરતા મહંત શ્રી ઈન્દ્રભારતી બાપુએ તા.૭મી મેએ જ્ઞાતિ-જાતિથી ઉપર ઉઠી અચૂક મતદાન કરવા માટે અપીલ કરી છે. તેમણે કહ્યું કે, આપણા એક મત થી શું ફેર પડે ? પરંતુ તેવું ન માનતા ઈતિહાસ સાક્ષી છે કે, એક મતે ઘણા ઉચ્ચ પદાધિકારીઓ હાર્યા છે, ત્યારે લોકશાહીમાં જે મતાધિકાર મળ્યો છે તેનો અચૂક ઉપયોગ કરવો જોઈએ. એક સારા નેતા પસંદ કરવાનો હક મતાધિકાર દ્વારા તક પ્રાપ્ત થાય છે ત્યારે સાધુ સંતો પણ લોકશાહીમાં મળેલા અધિકારને અદા કરવાના છીએ. ત્યારે નાગરિકો પણ તા.૭મીએ બુથ ઉપર જઈ અચૂક મતદાન કરે. તેવો અનુરોધ શ્રી ઈન્દ્રભારતી બાપુએ કર્યો હતો.

# ઉના તાલુકાના ઓલવાણ ગામે થયેલી હત્યામાં હથિયાર આપનાર શખ્સની ધરપકડ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૩

ઊના તાલુકાના ઓલવાણ ગામે પથ્થરની ખાણના માલિક ભૂપતભાઈ રાજશીભાઈ રામ જાતે આહીરની ગત તા.૬/૪/૨૪ ના રાત્રિના તેમને ત્યાં ખાણનો હિસાબ કિતાબ રાખતો મેતાજી ભીમ ભાઈ ઉર્ફે ભીમો કરશનભાઈ ટાપરિયા ગઢવી રે.ઊનાવાળાએ દેશી પિસ્ટલથી એક રાઉન્ડ ફાયરિંગ કરી હત્યા કરી નાખી હતી અને પોલીસે આરોપીને પકડી કોર્ટમાંથી ચાર દિવસના રિમાન્ડ મેળવી પૂછપરછ કરતા તેણે પી.એસ.આઈ. પી.જે. બાંટવાને જણાવેલ કે આ હત્યામાં વપરાયેલ હથિયાર તેમણે મરણ જનારની ખાણમાં પાર્ટનર તરીકે જૂનાગઢના વાડલા ફાટક પાસે રહેતા ઈશાંત ભીખાભાઈ જોષી પાસેથી પાંચ છ મહિના પહેલા લીધેલ હતું. પોલીસે માહિતી મેળવી હથિયાર આપનાર ઈશાંત ઉર્ફે ઈશાન્ત ઉર્ફે દાદા ભીખા ભાઈ જોષીને જૂનાગઢ વાડલા ફાટક પાસેથી પકડી પૂછપરછ કરતા મર્ડરમાં વપરાયેલ હથિયાર તેમણે આપેલાની કબૂલાત આપતા તેની અટક કરી કાર્યવાહી કરી હતી. આ હથિયાર આપનાર ઉપર અગાઉ માંગરોળ, રાજકોટ માલવિયાનગર, જામનગર, રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન, જૂનાગઢ પોલીસ સ્ટેશનમાં કુલ પાંચ ગુનાઓ નોંધાયેલા છે.




# બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરનો આવતીકાલે જન્મદિવસ



જાતિ પ્રથાના કારણે કર્ણ જેવા તેજસ્વી કુમારને પણ હડધૂત થવું પડયું હતું. એકલવ્ય જેવા અસાધારણ શિષ્યને પણ પોતાના અંગૂઠાની ગુરૂદક્ષિણા ચૂકવવી પડી હતી. એમ ડો.આંબેડકર જેવા વિરલ વ્યકિતત્વને પણ આભડછેટનો અભિશાપ સહન કરવો પડયો હતો. અન્યાય ચૂપચાપ સહન કરે તે પશુ અને અન્યાયને ખતમ કરવા મેદાને પડે તે માનવ ! અસ્પૃશ્યતાના કલંક ને નાબૂદ કરવા આજીવન ઝઝૂમવાનું વ્રત લેનાર મહામાનવ એ જ ડો.આંબેડકર ! મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના આમ્બડવા નામના એક નાનકડા ગામમાં રહેતા રામજી માલોજી શકપાલનાં પત્ની ભીમાબાઈના કૂખે તા.૧૪ મી એપ્રિલ, ૧૮૯૧ ના દિને જન્મ્યું ચૌદમું પ્રતાપી સંતાન ! ભીમનું નામ શક્તિ અને બળમાં મોખરે ગણાય છે, તેમ આ નવજાત બાળક પણ બધી જ રીતે બળવાન અને મહાન બનશે એવા વિચારથી આ બાળકનું નામ પાડવામાં આવ્યું ભીમરાવ ! ભરપૂર સંઘર્ષ વેઠીને ભણેલા અને તેજસ્વી ઠરેલા બાબા સાહેબનું જીવન ઉતાર-ચઢાવવાળું રહ્યું છે. ડો. બાબાસાહેબ આંબેડકર વીસમી સદીના પૂર્વાર્ધે ભારતના રાજકીય, સામાજિક અને ધાર્મિક પાશ્રભૂમિ પર પોતાના કાર્યો અને વિચારોની જવલંત છાપ છોડી જનાર એક ક્રાંતિકારી લોકનાયક હતા. ૧૮૯૧ થી ૧૯૫૬ સુધીના ૬૫ વર્ષના એમના જીવનકાર્યમાં તેમણે કરેલું લેખન, તેમણે ચલાવેલી ચળવળો અને તેમણે જે લોકોને સંગઠીત કર્યા એ સંગઠનોની વ્યાપ્તિ તરફ દ્રષ્ટિ નાખો તો આજે તેમની વિદાયના લાંબા સમય પછી પણ દેશના કરોડો લોકોના આરાધ્ય બની ગયા છે અને એક જ ઉદગાર નીકળે કે 'અદભૂત'. સ્કૂલમાં જે બાળકને ક્લાસની અંદર બેસવાની છૂટ નહોતી. રિસેસમાં આ બાળકને પાણી પીવું હોય તો જાતે પાણી પીવાની છૂટ નહોતી આપી છતાં પણ આ બાળકે હાર ન માની. પળે પળ સમાજની ઠોકરો ખાતા આ બાળકને એટલી સમજ આવી ગઈ હતી કે જો આગળ વધવું હશે તો હવે એકમાત્ર શિક્ષણ જ મારૂ હથિયાર છે. અને આ બાળક એટલું ભણ્યો.... એટલું ભણ્યો કે જ્યારે દેશ આઝાદ થયો ત્યારે દેશના તમામ રાજકારણીઓ કરતાં આ બાળક જે હવે પરિપક્વ વ્યક્તિ બની ગયો હતો તેની પાસે સૌથી વધારે ડિગ્રીઓ હતી. કોલંબિયા યુનિવર્સિટીમાંથી, લંડનની સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાંથી બેરિસ્ટરની ડિગ્રી ઉપરાંત ચાર ચાર ડોકટરેટની ડિગ્રી મેળવી. આ ઓજસ્વી વ્યક્તિ સ્વતંત્ર ભારતના પહેલા કાયદા મંત્રી બન્યા.... અને દેશનું બંધારણ બનાવવામાં પણ તેમણે સર્વાધિક ફાળો આપ્યો. ડો. આંબેડકરે પોતાના સમાજને કહ્યું કે શિક્ષિત બનો... શિક્ષણ જ તમામ સમસ્યાઓનો ઉકેલ છે. આજે પૂના, મુંબઈ સહિત અનેક સ્થળોમાં યોજાતા સમારંભોમાં બહાર રોડ પર બાબાસાહેબની પ્રતિમાઓ સેંકડો લોકો માથે ચઢાવીને પોતાના ઘરે લઈ જાય છે અને ભગવાનની જેમ પૂજે છે. એક વ્યક્તિ પોતાના જીવન દરમિયાન પોતાના સમાજને લઘુતાગ્રંથિથી બહાર કાઢે, તેમને સમાનતાનો રસ્તો દેખાડે, વર્ષોથી આત્મગ્લાનિથી પીડાતા સમાજને કહે કે, તમે પણ આ દેશના એટલા જ સન્માનીય વ્યક્તિ છો જેટલા બીજા લોકો છે અને આખરે અત્યંત પછાતપણામાં સબડતો સમાજ એક વ્યક્તિની તપસ્યાથી કહેવાતા ઉચ્ચ લોકો સાથે ખભેખભો મિલાવીને ઊભો રહી

શકે છે, ક્યાંક તો કહેવાતા આ ઉચ્ચ લોકોથી આગળ પણ વધી રહ્યો છે. ત્યારે સ્વાભાવિક છે કે આ સમાજ પોતાના મસીહાને ભગવાન સમજે તો તે કોઈ નવાઈની વાત નથી. ડો. બાબાસાહેબ આબેંડકરનું જીવનકવન એટલું વિશાળ છે કે તે એક લેખ, એક પુસ્તક કે શબ્દોમાં સમાવી શકાય તેમ નથી. ભીમરાવ જેવા તેજસ્વી પુત્રને ભણાવીને મહાન બનાવવાનો પિતાએ મનોમન સંકલ્પ કર્યો. તેથી પિતા રામજીએ પોતાનાં બાળકોને પાઠશાળામાં તો મોકલ્યાં, પણ ઘર આંગણેય એમને શિક્ષણ આપવાનું ચાલુ રાખ્યું. પ્રાથમિક શિક્ષણ પુરું કરી ભીમરાવ આવ્યા હાઈસ્કૂલમાં. ભીમરાવે જોયું કે હાઈસ્કૂલમાં સવર્ણ વિદ્યાર્થીઓ પાટલી પર બેસીને ભણી રહ્યા છે, જયારે પોતાના જેવા અન્ય કેટલાંક ગણ્યાં ગાંઠયાં વિદ્યાર્થીઓને ભોંય પર બધાથી અલગ બેસાડવામાં આવ્યા છે ! શા માટે ? એવો પ્રશ્ન જાગ્યો ને જવાબ મળ્યો કે તું મહારજ્ઞાતિ (એક અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિ) નો છે તેથી. ભીમ આ સાંભળી સમસમી ઉઠયો. પણ ચૂપ રહયો.એવામાં પડી અપમાનની બીજી થપ્પડ ! રિસેસમાં પાણી પીવા તરસતાં ભીમરાવને માટલામાંથી પાણી પીતો અટકાવ્યો. ફરી આડે આવી મહારજાતિ. મહારજાતિને કારણે માથાના વધી ગયેલા વાળ પણ પોતાની મોટી બહેને જ કાપી દેવા પડતાં ! મહારજાતિને કારણે પીવા પડતાં અપમાનના કડવા ઘૂંટ ભીમરાવને ગળે ઊતારતા નહી. ચોતરફ અપમાન, ઉપેક્ષા અને નફરત સિવાય ગરીબ ભીમને કશું જ મળતું નહી ત્યારે જીવનના આ અફાટ રણમાં ભીમરાવ માટે મીઠી વીરડી સમાન હતા તેના બ્રાહમણ ગુરુ આંબેડકર. પ્રેમાળ ગુરુના સ્નેહ નીતરતા શબ્દોથી ભીમને શાંતિ મળતી. તેઓ હંમેશા ભીમરાવની હોંશિયારીને બિરદાવતા.એકવાર એમણે ભીમરાવને કહયું, “બેટા ભીમ ! હું તારી અટક બદલી નાખવા ઈચ્છું છું. હવેથી તારી અટક મારી અટક પ્રમાણે 'આંબેડકર' ગણાશે.” અને ત્યારથી તેમની એ ઐતિહાસિક નવી અટક જગપ્રસિદ્ધ બની : 'આંબેડકર' ! મુંબઈમાં શરૂઆતમાં એક મરાઠી હાઈસ્કૂલમાં અને પછી એલ્ફીન્સ્ટન હાઈસ્કુલમાં ભીમરાવે અભ્યાસ શરૂ કર્યો.પરિવારને રહેવા માટે માત્ર નાનકડી એક જ ખોલી હતી તેથી મધરાતે બધા સૂઈ જતા ત્યારે ભીમરાવ આખી રાત જાગીને અભ્યાસ કરતા.

એવામાં ભીમરાવને પરિચય થયો મુંબઈની સિટી હાઈસ્કૂલના માયાળુ એવા આચાર્ય કૃષ્ણાજી કેલૂસ્કરનો. ભીમરાવની યોગ્યતા અને આવડત જોઈ તેઓ હંમેશા ભીમને પ્રોત્સાહિત કરતા. ઉત્સાહ અને ખંતથી ભીમરાવને પોતાની જ્ઞાતિમાં સૌ પ્રથમ મેટ્રિકની પરીક્ષા પસાર કરવાનું સૌભાગ્ય સાંપડયું. ઈ.સ. ૧૯૧૨માં ભીમરાવે એલ્ફીન્સ્ટન કોલેજમાંથી બી.એ. ની પરીક્ષા પસાર કરી. સ્નાતક થયા પછી તેમને વડોદરા રાજયમાં નોકરી મળી. એ તેનું સદભાગ્ય ! મહારાજા સયાજીરાવ તરફથી તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક મદદ અપાતી. સયાજીરાવે ભીમરાવની આર્થિક સહાયની અરજી મંજૂર કરી અને અભ્યાસ પૂરો કરી વડોદરા રાજયમાં નોકરી કરવાની શરતે ભીમરાવને અમેરિકા જવા મંજૂરી આપી. ભીમરાવ ભારત છોડી અમેરિકા ગયા. ત્યાં તેઓ દરરોજ અઢાર કલાક અધ્યયન કરતા. ત્યાં નવલ ભાતે નામનો એક જિગરી મિત્ર પણ મેળવ્યો. ૧૯૧૫ માં ભીમરાવે અર્થશાસ્ત્રમાં મહાનિબંધ લખી એમ.એ.ની ડિગ્રી મેળવી. અર્થશાસ્ત્રમાં મહાનિબંધ રજૂ કરી પી.એચ.ડી. થયા અને કાયદાનો અભ્યાસ પણ શરૂ કર્યો. અર્થશાસ્ત્રના વધુ અભ્યાસ માટે 'લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટિકસ' માં પ્રવેશ લીધો પરંતુ અર્થશાસ્ત્રમાં ઉચ્ચ પદવી મેળવવાની ઈચ્છા અધૂરી રહી કેમ કે અભ્યાસ કરવાની મુદત પૂરી થતાં વડોદરા રાજયથી ભીમરાવને સ્વદેશ પાછા ફરવાનું ફરમાન મોક્લાવ્યું. ભીમરાવ ભારત પાછા ફર્યા.પણ આ બધા દરમિયાન જ્ઞાન, મનન, ચિંતન, અભ્યાસ અને આત્મવિશ્વાસે એક નવા જ આંબેડકરને જન્મ આપ્યો હતો. તેમણે મનમાં નિશ્ચય કર્યો કે મારા દલિત, પીડિત અને હડધૂત બંધુઓનાં આંસુ લૂછયા વિના બેસી રહું તો મારું શિક્ષણ લાજે. આંબેડકરની નિમણૂંક ગાયકવાડ સરકારે ઉચ્ચ અધિકારી તરીકે કરી હતી. નોકટી દરમ્યાન પણ કડવાઅનુભવો ! મહારજાતિના હોવાથી પટ્ટાવાળો તેમને પાણીનો પ્યાલો આપવા પણ તૈયાર નહોતો ! ફાઈલો હાથોહાથ મળવાને બદલે દૂરથી ફેંકવામાં આવતી ! આ બધું તેમના સ્વમાની સ્વભાવને અસહય હતું તેથી વડોદરાની નોકરીને તિલાંજલિ આપી તે પાછા મુંબઈ આવ્યા.

આર્થિક પરેશાનીને પહોંચી વળવા મુંબઈની સીડનહામ કોલેજમાં પ્રાધ્યાપકની નોકરી સ્વીકારી. પ્રાધ્યાપક તરીકે તેમને ઊંચું વેતન મળતું તેમાથી પણ પૈસા બચાવતા કેમ કે લંડનમાં રાજયશાસ્ત્રનો અધૂરો મૂકેલો અભ્યાસ પૂરો કરવો હતો. છેવટે બે વર્ષ પછી એ સ્વપ્ન સાકાર થયું ! પોતાની બચત, કોલ્હાપુરના મહારાજાની મદદ અને મિત્ર નવલ ભાતેના ટેકાને લીધે આંબેડકર ૧૯૨૦ માં લંડન પહોંચ્યા. ત્યાં આર્થિક મુશ્કેલીઓ સહન કરીને પણ ભીમરાવ નિષ્ઠા અને લગનથી અધ્યયન કરતા. છેવટે તેમણે એમ.એસ.સી ની ડીગ્રી મેળવી, ડી.એસ.સી.ની ડીગ્રી પણ મેળવી.બધી રીતે જ્ઞાન-સુસજજ બની હવે ડો. આંબેડકરે અસ્પૃશ્યોના બેલી બનવા અને તેઓનો ઉદ્ધાર કરવા બીડું ઝડપ્યું. અસ્પૃશ્યોની આશા, અરમાનોને વાણી આપી લડતને જોરદાર વેગ આપવા તેમણે શરૂ કરી 'મૂકનાયક' પત્રિકા. જેમાં તેમણે દંભી સમાજ પર તીખા પ્રહારો કર્યા. ધીરે ધીરે અસ્પૃશ્યતા એક કલંક છે એવી ભાવના આકાર લેવા માંડી. ડો. આંબેડકર તો દલિત- પીડિતનાં ઉદ્ધાર માટે કટિબદ્ધ બન્યા જ હતા. તેથી તેમણે મુંબઈમાં અછૂતોનું એક સંમેલન બોલાવ્યું અને તેમાંથી 'બહિષ્કૃત હિતકારિણી સભા' એ આકાર લીધો. જેમાં અછૂત સેવાની વિવિધ પ્રવૃતિઓ આરંભાઈ.આવા લોકસેવાના કાર્યો જોઈ મુંબઈના ગર્વનરે તેમની વિધાન પરિષદના સભ્ય તરીકે નિમણૂક કરી. જેને અછૂત સમાજે ઉમળકાથી બિરદાવી. આંબેડકર માનતા કે અન્યાય સહન કરવો તે પાપ છે. ન્યાય માટે ચળવળ તો જગાવવીજ પડે આથી તેમણે ૧૯૨૭ માં 'ચવદાર તળાવ' સત્યાગ્રહનું આયોજન કર્યું.

આ તળાવ કાંઠે ફરકવાની અસ્પૃશ્યો હિંમત નહોતા કરી શકતા પરંતુ ત્યાં જઈ ભીમરાવે તે તળાવમાંથી ખોબો ભરી પાણી પીધું. આ મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો અને હાઈકોર્ટે પણ અસ્પૃશ્યોના આ અધિકારને માન્ય ગણ્યો. આ ઉપરાંત મંદિર પ્રવેશ, વિધાનપરિષદમાં અસ્પૃશ્યોના વધુ પ્રતિનિધિઓની નિયુકિતને બદલેજનતા દ્વારા ચૂંટણી, સૈન્ય અને પોલીસમાં અસ્પૃશ્યોનીભરતીવગેરેજેવી અન્યમાગણીઓપણ ડો. આંબેડકરેબ્રિટિશ સરકાર સમક્ષ મૂકી ૬ સપ્ટેમ્બર, ૧૯૩૦માં પ્રથમ ગોળમેજી પરિષદમાં ઉપસ્થિત રહેવા માટે ડો. આંબેડકરને નિમંત્રણ મળ્યું. જયાં તેમણે સ્વરાજય અને દલિતોની કફોડી સ્થિતિનું હૃદય દ્રાવક વર્ણન કર્યું. ૨૪ મી સપ્ટેમ્બર, ૧૯૩૨ માં પૂર્ણ કરાર થયા અને મુંબઈની સભામાં દલિતોને સંસ્થાઓનો ઉપયોગ કરવાના અધિકારોની ઘોષણા થઈ. આ દરમ્યાન એક કારમો આઘાત ડો. ભીમરાવ પર આવી પડયો. તેમના પત્ની રમાબાઈનું અવસાન થયું. પણ એ આઘાત પણ સહી લઈને કર્તવ્યો માટે તે આગેકૂચ કરતા રહયાં અને લો કોલેજના પ્રિન્સિપાલ બન્યા. ૧૯૪૨ માં કાર્યકારિણી સભામાં તેમની નિમણૂક થઈ અને તેઓ મજૂર પ્રધાન બન્યા. મજૂરોના કલ્યાણ માટે ડો. આંબેડકરે સરકાર સમક્ષ વિવિધ યોજનાઓ રજૂ કરી, ૧૬ દલિત વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ મોકલ્યા, સરકારી વિભાગોમાં અછૂતો માટે અનામત જગાઓ ઉભી કરાવી.૧૯૪૬ માં બંધારણ સભાના સભ્ય તરીકે બાબા સાહેબની નિયુક્તિ થઈ. અસ્પૃશ્યતાનું કલંક નાબૂદ કરવાની દિશામાં આગળ વધવાની હવે વધુ શક્યતાઓ ઉભી થઈ. તેવામાં ૧૯૪૭માં એક મહા સ્વપ્ન સાકાર થયું ! આઝાદીના અજવાળાં રેલાયાં ! ડો. આંબેડકર સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા. અને ૨૯મી ઓગસ્ટ ૧૯૪૭માં બંધારણનો મુસદ્દો ઘડવા સમિતિના અધ્યક્ષ તરીકે ડો. આંબેડકરની વરણી થઈ. ભારતના બંધારણે અસ્પૃશ્યો માટે ગતિ-પ્રગતિનાં દ્વાર ખોલી નાખ્યાં. અસ્પૃશ્યતાને કાનૂની અપરાધ ગણાયો. બાબા સાહેબે આદરેલું વ્રત પરિપૂર્ણ થયું ! દિલ્હીમાં આંબેડકર ભવનનો શિલાન્યાસ થયો.૧૯૫૬માં બૌદ્ધ નેતા તરીકે 'વિશ્વ બૌદ્ધ સંમેલન' માં તેઓ ગયા. દલિત જાતિના ઉદ્ધારમાં બૌદ્ધ ધર્મ મદદરૂપ થશે એમ તેમને લાગ્યું. ૧૪મી ઓકટોબર ૧૯૫૬માં સપરિવાર તેમણે બૌદ્ધ મત અંગીકાર યોં.બાબાસાહેબ અસ્પૃશ્યોના ઉદ્ધાર માટે સતત ઝઝૂમતા રહ્યા પણ સતત સંઘર્ષોએ તેમના શરીરને કયારનુંય ક્ષીણ બનાવી દીધું હતું.

૨જી ડિસેમ્બર, ૧૯૫૬માં શ્રી દલાઈલામાના સન્માન સમારંભમાં ડો.આંબેડકરે હાજરી આપી. ૧૧ વર્ષથી આરંભેલા 'ગોસ્પેલ ઓફ બુદ્ધ' ની ભૂમિકા લખીને ૫ મી ડીસેમ્બરની રાતે તેઓ નિદ્રાધીન થયા. આ ધરતી પર એ તેમની અંતિમ રાત હતી. ૬ ઠ્ઠી ડિસેમ્બરે ડો. આંબેડકરે ચિરવિદાય લીધી ! મુંબઈમાં નીકળેલી એમની ભવ્ય સ્મશાન યાત્રા બે માઈલ લાંબી હતી. તેમના પાર્થિવ દેહનો બૌદ્ધ વિધિ અનુસાર અગ્નિસંસ્કાર કરાયો.બાબાસાહેબ અધ્યયનશીલ મહાનુભાવ હતા. તેમના ગ્રંથભંડારમાં આશરે ૫૦,૦૦૦ પુસ્તકો હતા. તેમના નિવાસસ્થાનનો જ એક ભાગ તેમનું પુસ્તકાલય હતો. જેને તેમણે 'રાજગૃહ' નામ આપ્યુ હતું. તેઓ પ્રખર ચિંતક અને વિદ્વાન લેખક હતા. તેમણે લખેલાં પ્રકાશિત-અપ્રકાશિત પુસ્તકોની સંખ્યા આશરે ૨૫કરતાં પણ વધારે છે. ભારતમાંથી અસ્પૃશ્યતાના કલંક્ને જાકારો આપી દલિતજાતિના ઉદ્ધાર માટે આજીવન ઝઝૂમનારા ડો. આંબેડકરનો રાષ્ટ્રની એક્તા તથા ઘડતરમાં મહત્વનો ફાળો છે. લોકતંત્ર માટે એમણે જે ખૂબીથી બંધારણ ઘડયું છે એ માટે આપણે તેમના ઋણી છીએ. પીડિતોના પરમેશ્વર તરીકે ભારતમાં ડો. આંબેડકરનું નામ અમર રહેશે. આંબેડકર જયંતિના દિવસે પૂ. બાબા સાહેબના ચરણોમાં વંદન.

“નહીં કુળથી કિન્તુ મૂલ મુલવાય ગુણો વડે.”

-સરસ્વતી હાઈસ્કુલ, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ખાદ્ય સુરક્ષાની દ્રષ્ટીએ ભોજનની બરબાદી મોટો પડકાર

ભારતીય જીવન દર્શનમાં અન્નને પ્રસાદ માનીને સન્માન આપવાની પરંપરામાં તેને બ્રહ્મની સંજ્ઞા આપવામાં આવી છે. આજે પણ જવાબદાર પેઢીના લોકો ખાતાં પહેલાં ભોજનને પ્રણામ કરીને પહેલો કોળિયો ગાય માટે કાઢે છે. તેનો હેતુ અન્નના મહત્ત્વને ગરિમા આપવાનો અને તેના યોગ્ય ઉપયોગનો હોય છે. એવામાં સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ એટલ કે યુએનઈપીનો એક રિપોર્ટ કાળા સત્યને ઉજાગર કરે છે કે આખી દુનિયામાં ૧૯ ટકા ભોજન વેડફવામાં આવે છે. એક ભયાવહ સચ્ચાઈ એ પણ છે કે દુનિયામાં લગભગ ૭૮.૩ કરોડ લોકો લાંબા સમયથી ભૂખ સામે ઝઝૂમી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રના આ હાલનો રિપોર્ટ એક કઠોર હકીકતનો સામનો કરાવે છે કે પર્યાપ્ત સંસાધનો છતાં ખાદ્યાન્નનું ન્યાયસંગત વિતરણ નથી થઈ રહ્યું. બીજા શબ્દોમાં આ એક નૈતિક સંકટ પણ છે. અસલમાં ભોજનની બરબાદી એક રીતે આપણા પર્યાવરણને પણ અસ્થિર કરે છે. નિશ્ચિત રૂપે આ સંકટ ભારતમાં પણ છે. ખાદ્ય સુરક્ષાની દૃષ્ટિ ભોજનની બરબાદી એક મોટો પડકાર છે. ભારતીય ખાદ્ય સરક્ષા અને માનક પ્રાધિકરણ અનુસાર ભારતમાં કુલ ભોજનનો એક તૃતિયાંશ હિસ્સો ઉપભોગ પહેલાં જ ખરાબ થઈ જાય છે. એક અનુમાન અનુસાર ભોજનની આ બરબાદી એક વર્ષમાં પ્રતિ વ્યક્તિ પચાસ કિલો થવાની આશંકા છે.

અસલમાં સંયુક્ત રાષ્ટ્રના એક અન્ય રિપોર્ટ ભારતમાં કુપોષણ સાથે જોડાયેલા સંકટને પણ ઉજાગર કરે છે. જેમાં કહેવાયું છે કે દેશની ૭૪ ટકા આબાદી સ્વસ્થ આહારનો ખર્ચ વહન નથી કરી શકતી. એવામાં ભોજનનો એક તૃતિયાંશ હિસ્સો બરબાદ થવો નૈતિક અપરાધ જ કહી શકાય. જ્યારે દુનિયાના અન્ય દેશોની જેમ ભારતમાં પણ ખાદ્ય ઉત્પાદન અને કચરા સાથે જોડાયેલા ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન પર્યાવરણ પર પ્રતિકૂળ અસર કરી રહ્યા છે. અસલમાં કચરાના ઢગલામાં ખરાબ ખાદ્યાન્નોના અંશ વિઘટિત થવાને કારણે ગ્લોબલ વોર્મિંગના વાહક મિથેન ગેસનું ઉત્સર્જન કરે છે. વૈશ્વિક સંગઠનોનો આગ્રહ છે કે દુનિયામાં ખાદ્ય પ્રણાલીઓમાં પૂર્ણ બદલાવ લાવો. સાથે જ સમાન વિતરણને પ્રાથમિકતા આપવાને પ્રેરિત કરવા જોઈએ.

એવામાં જ્યારે દેશમાં લાખો લોકો રોટલી માટે સંઘર્ષ કરી રહ્યા હોય, ત્યારે ભોજનની બરબાદી નૈતિક દૃષ્ટિએ અપરાધ જ છે. આ સંકટમાંથી ઉગરવા માટે રાષ્ટ્રીય સ્તર પર વ્યાપક રણનીતિની જરૂર છે. જેના માટે જાગૃતિ અભિયાન ચલાવવા, નીતિગત ઉપાયોમાં બદલાવ લાવવા તથા સમુદાય સંચાલિત પહેલને એકીકૃત પ્રયાસોથી મૂર્ત રૂપ આપવાના પ્રયાસ થવા જોઈએ. ત્યાં જ સરકારી હસ્તક્ષેપથી અપશિષ્ટને ઘટાડવા માટે નિયમ બનાવવાની પણ જરૂર છે. સમાજના સ્તર પર ભોજનને બરબાદ થતું રોકવા માટે દીર્ઘકાલીન પ્રયાસોને પ્રોત્સાહિત કરવા પડશે. એવી વ્યવસ્થા બનાવવામાં આવે, જેમાં સરકારી એજન્સીઓ, સ્વયંસેવી સંગઠનો અને ખાનગી ઉદ્યમો વચ્ચે બહેતર તાલમેલથી બચેલા ભોજનના પુનર્વિતરણની કુશળ વ્યવસ્થા બની શકે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મુર્ખોની સાથે તેને અનુકૂળ વ્યવહાર કરી વશમાં કરી શકાય છે.

- આચાર્ય ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૫ શ્રી પંચમી, રાત્રે ૯:૦૩ ક.થી મીનારક કમુહર્તા ઉતર્યા તા.૧૩ એપ્રિલ ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૩, મૃગશીર્ષ નક્ષત્ર, શોભન યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૩૪, સૂ.અ.૭:૦૯
આજનો દિવસ મધ્યમ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), બપોરે ૧૨:૪૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મોઢે આવેલો કોળીયો છીનવાઈ જાય. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું હિતાવહ.
વૃષભ:સંપત્તિને લગતા કાર્યો સફળ થાય. આરોગ્ય અંગે સંભાળવું.
મિથુન:માનસિક ચિંતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
કર્ક: નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પ્રવાસમાં વિઘ્ન આવે.
સિંહ: પ્રવાસથી લાભ થાય. પરિશ્રમનું શુભ ફળ મળે.
કન્યા: કૌટુંબિક ચિંતા વિશેષ રહે. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
તુલા: સમસ્યાનો ઉકેલ મળે. ઉન્નતિની આશા ફળદાયી નીવડે.
વૃશ્ચિક:ગુપ્ત ચિંતા સતાવે. મનમાં મૂંઝવણ રહે.
ધન: ધાર્યા કાર્યોમાં વિલંબ થાય. આર્થિક લેવડ-દેવડમાં સાવચેત રહેવું.
મકર: ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ: કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ બર આવે.
મીન: કૌટુંબિક ક્ષેત્રે પ્રતિકૂળતા રહે. હિતશત્રુઓથી સાવધ રહેવું.

### સત્તાધિશાની ૧૬૦ કરોડના ખર્ચે બનેલી યોજના પાણીમાં

# ભાવનગરમાં નબળી નેતાગીરીના કારણે ટેન્કર રાજ હજી પણ શરૂ છે




## મિસ પ્લાનિંગના કારણે શહેરમાં પીવાના પાણીની સમસ્યાનું નિરાકરણ ૩૦ વર્ષ પછી પણ લાવી શકી નથી

ભાવનગર, તા.૧૩
ઉનાળાની શરૂઆત થતા જ ભાવનગર શહેરમાં પાણીનો પોકાર શરૂ થઈ ગયો છે. રાજયની સરકાર અને ભાવનગર મહાનગરપાલિકા દ્વારા વિવિધ યોજના થકી પીવાના પાણીનું નિવારણ લાવવા માટે ૧૬૦ કરોડ રૂપિયાના ખર્ચે નર્મદાની લાઈન શહેરમાં પહોંચાડવામાં આવી છે તો મ.ન.પાયે વિવિધ વિસ્તારોમાં કરોડો રૂપિયાના ખર્ચે ૧૩ જેટલા અમૃત સરોવર બંધાવ્યા છે. પરંતુ આમ છતાં ભાવનગર શહેરમાં દર મહિને ૯૦૦ જેટલા ટેક્રો વિવિધ વિસ્તારોમાં પીવાનું પાણી પૂરું પાડી રહ્યા છે જેનો ખર્ચ ૨ કરોડ અને ૬૦ લાખ રૂપિયા જેવો દર મહિને ભાવનગર મહાનગરપાલિકા પાણી વિતરણ માટે ખર્ચ કરી રહી છે જેનો સીધો જ બોજો જનતાના કમર પર આવી રહ્યો છે. ભાવનગર શહેરમાં પીવાના પાણીનો કોયડો ૩૦ વર્ષના શાસન દરમિયાન પણ સરકાર ઉકેલી શકી નથી અને દરેક વિસ્તારમાં પીવાનું પાણી પૂરું પાડી શકી નથી જે ભાવનગર શહેર માટે શરમજનક બાબત કહી શકાય. ભાવનગર શહેરમાં વોટર વર્કસ વિભાગ દ્વારા ૧ લાખ ૬૦ હજાર નળ કનેક્શન નાખી દેવામાં આવ્યા પરંતુ આ નળ કનેક્શનમાં પાણી તો આવતું નથી પરંતુ નળ કનેક્શનના નામે ટેક્સ પૂરેપૂરો ઉઘરાવવામાં આવે છે. જેના એક નહીં પરંતુ અનેક કિસ્સાઓ બહાર આવ્યા છે. ઉનાળાની શરૂઆત થતા જ દર વર્ષની પરંપરાગત મુજબ ભાવનગર શહેરમાં ટેક્રર રાજ શરૂ થતું હોય છે જેનાથી ભાવનગર શહેરમાં લોકોને પીવાના પાણી પહોંચાડી શકાય.

### રૂપાલાની ટીપ્પણીના પગલે ગુજરાતભરમાં વિરોધ વકર્યો

# કાલાવડમાં કરાયું પરસોત્તમ રૂપાલાના પૂતળાનું દહન

## પરસોત્તમ રૂપાલાની ટિકિટ રદ નહીં થાય તો ભાજપને મત ન આપવાની ચીમકી પણ ઉચ્ચારી છે

કાલાવડ, તા.૧૩
પરશોત્ત રુપાલાની ટીપ્પણીના પગલે ગુજરાતભરમાં વિરોધ વકર્યો છે. જેના પગલે રાજ્યમાં અલગ અલગ પ્રકારે રુપાલાનો વિરોધ દર્શાવામાં આવે છે. ત્યારે જામનગર અને કાલાવડમાં સતત બીજા દિવસે ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.

કાલાવડના મછલીવડ ગામમાં ક્ષત્રિયો દ્વારા રૂપાલાના પૂતળાનું દહન કરવામાં આવ્યુ છે. કાલાવડની કરણી સેનાના યુવકોએ રૂપાલા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા આ સાથે પરશોત્તમ રુપાલાનું પૂતળાનું દહન કર્યુ હતુ. રૂપાલાની ટિકિટ રદ નહીં થાય તો ભાજપને મત ન આપવાની ચીમકી પણ ઉચ્ચારી છે.બીજી તરફ ક્ષત્રિય સમાજની સંકલન સમિતિએ મોટી જાહેરાત કરી છે. તેના અનુસાર ક્ષત્રિય સમાજ તાલુકા, શહેર, જિલ્લા કક્ષાએ ભાજપ કાર્યાલય પર આવેદનપત્ર આપશે. રાજકોટ અને જામનગરમાં પોલીસના ક્ષત્રાણિ સામેના વર્તનના વિરોધમાં આવેદન આપવામાં આવશે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે.

### ચર્ચાસ્પદ બનેલો મુદ્દો રૂપાલા vs ક્ષત્રિય ધીરે ધીરે શાંત થઈ રહ્યો છે

# રૂપાલા વિવાદ વચ્ચે કાઠી ક્ષત્રિય સમાજનો ભાજપને ટેકો

## ભાજપના નેતા પરષોત્તમ રૂપાલાના નિવેદનથી ભડકેલી વિવાદની આગ હવે ધીરે ધીરે બૂજાતી જણાઈ રહી છે

રાજકોટ, તા.૧૩
ગુજરાતના રાજકારણમાં સૌથી વધુ ચર્ચાસ્પદ બનેલો મુદ્દો રૂપાલા vs ક્ષત્રિય હવે ધીરે ધીરે શાંત થઈ રહ્યો છે. ભાજપના નેતા પરષોત્તમ રૂપાલાના નિવેદનથી ભડકેલી વિવાદની આગ હવે ધીરે ધીરે બૂજાતી જણાઈ રહી છે. રૂપાલાના સમર્થમાં લાગેલા પોસ્ટરો બાદ હવે ભાજપ કાર્યાલય ખાતેથી કાઠી ક્ષત્રિય સમાજે પત્રકાર પરિષદ યોજીને રાજકોટ ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાને સમર્થન જાહેર કર્યું છે. લોકસભા ચૂંટણી જાહેર થતા બાદ તમામ પાર્ટીઓ દ્વારા ઉમેદવારો જાહેર કરવામાં આવી રહ્યાં છે. રાજકોટ લોકસભા સીટ પર ભાજપ દ્વાર પરુષોતમ રૂપાલાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા બાદ તેઓ દ્વારા પુર જોશમાં પ્રચાર પ્રસાર શરૂ કરી દીધો હતો. થોડા દિવસ પહેલા પરષોતમ રુપાલા દ્વારા એક સભામાં ક્ષત્રિય સમાજ પર ટિપ્પણી કરતા વિવાદ સર્જાયો હતો. ત્યારે તે વિવાદ ધીમે ધીમે વધતા ક્ષત્રિય સમાજ દ્વારા પરષોતમ રુપાલાની જગ્યાએ અન્ય કોઈ પણ ઉમેદવારની ટીકીટ આપવાની માંગ ઉચ્ચારી છે.

# ભાવનગરમાં દારૂના રૂપિયાના બદલે ઠપકો આપતા પુત્રએ પિતાની હત્યા કરી

## પિતાએ ઠપકો આપતા પુત્રને ગુસ્સો આવ્યો હતો અને પિતાને માર મારતા તેમનું મોત થયું હતું

ભાવનગર, તા.૧૩
ભાવનગરમાં પુત્રએ પિતાની હત્યા કરતા ગામમાં સન્નાટો છવાઈ ગયો છે. શામપરા ગામમાં પુત્રએ પિતાને માર મારતા તેમનું મોત થયું હતું. પુત્ર અવારનવાર દારૂ પીને આવતો હતો. તેના પગલે તેના પિતાએ તેને ઠપકો આપ્યો હતો. પિતાએ ઠપકો આપતા પુત્રને ગુસ્સો આવ્યો હતો અને પિતાને માર મારતા તેમનું મોત થયું હતું.ઘરમાં આ અગાઉ પણ પુત્રના દારૂ પીવાના પગલે ઝગડા થતાં જ હતા. પુત્ર યુવાન થયો હોવા છતાં કોઈ કામધંધો કરતો ન હતો અને દારૂ પીતો હતો. તેના પગલે પિતા તેને અવારનવાર ઠપકો આપતા રહેતા હતા. પિતાની હત્યા કરીને પુત્ર નાસી ગયો હતો, સ્થાનિક પોલીસે તરત જ પુત્ર સામે હત્યાનો ગુનો નોંધ્યો છે અને આ માટે કુટુંબીઓ સહિત સ્થાનિકોએ સાક્ષી પણ આપી છે.સ્થાનિક પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી દેવાઈ છે. તેમણે આરોપીને ટૂંક સમયમાં જ પકડી લેવાશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# રાજકોટ બેઠક પર ૧૦૦થી વધુ ઉમેદવારી ફોર્મ ઉપડ્યા

રાજકોટ, તા.૧૩
કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ પર કરેલી ટિપ્પણીને લઈને વિવાદ વધુને વધુ ઘેરો બન્યો છે. રૂપાલાએ માફી માગી હોવા છતા આ મામલો થાળે પડ્યો નથી. હવે રૂપાલા સામે ક્ષત્રિય સમાજની મહિલા આગેવાનોએ મોરચો માંડ્યો છે. રાજકોટ બેઠક પરથી ૧૦૦ ક્ષત્રિય સમાજની મહિલાઓ ઉમેદવારી નોંધાવવાની જાહેરાત કરી હતી. ત્યારે આજથી ઉમેદવારી ફોર્મ ઉપાડવાનું અને ભરવાનું શરૂ થયું છે. રાજકોટ લોકસભાની બેઠક માટે જિલ્લા કલેકટર કચેરીએ ઉમેદવારી પત્રો ઉપાડવા માટે ધસારો થયો હતો. જેમાં આજે પહેલા દિવસે બપોર સુધીમાં ૧૦૦થી વધુ ઉમેદવારી ફોર્મ જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાંથી ઉમેદવારો અને તેના પ્રતિનિધિઓએ પાડ્યા હતા. આ દરમિયાન કોંગ્રેસના મહિલા અગ્રણીઓ અને ક્ષત્રિય સમાજનાં મહિલા આગેવાન નયનાબા જાડેજાએ જણાવ્યું હતું કે,ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાના વિરોધમાં ૧૦૦ ફોર્મ ઉપાડવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, જો હવે ક્ષત્રિય સમાજ રાજકોટ લોકસભા બેઠક ઉપર સામૂહિક રીતે ફોર્મ ભરે તો ઈવીએમમાં ઉમેદવારોનાં નામ પણ સમાવી શકાય નહી આથી તંત્રને ના છુટકે બેલેટ પેપર છપાવવા પડે, અને બેલેટથી મતદાન કરાવવાની ફરજ પડી શકે છે.

### મજૂર પરિવારના બાળકનું અપહરણ થયું

# ભાવનગરના ગારિયાધારમાં બાળકનું અપહરણ થયું

## શોધખોળ પછી પણ બાળક ન મળતા અપહરણની ફરિયાદ

ભાવનગર, તા.૧૩
ભાવનગરના ગારિયાધારમાં બાળકનું અપહરણ થયું છે. અમન સોસાયટીમાં રહેતા મજૂર પરિવારના બાળકનું અપહરણ થયું છે. કાળુભાઈ બુકેરા નામના ૯ વર્ષના બાળકનું અપહરણ કરવામાં આવ્યું છે. ભારે શોધખોળ પછી પણ બાળક ન મળતા અપહરણની ફરિયાદ નોંધાઈ છે.

બાળકના પિતા ખોડવદરી ગામે રહેતાં પોતાનાં માતાના ઘરે બાળકને મુકીને મજુરી કામે ગયેલ હતાં બાદમાં બાળક બીજા બાળકો સાથે રમતો અને બપોરના ત્રણ વાગ્યા સુધી ઘરે ન આવતાં બાળકના પિતાને જાણ કરતાં બાળકની શોધખોળ કરતાં બાળકના કોઈ સમાચાર ન મળતા કોઈ અજાણ્યા ઈસમોએ અપહરણ કર્યાની ફરીયાદ નોંધાઈ સીસીટીવી ફૂટેજના આધારે પણ ભારે શોધખોળના અંતે બાળક મળી ન આવતા ગારીયાધાર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી ગારીયાધાર પોલીસ તેમજ સ્થાનિક લોકો દ્વારા શોધખોળ કરવા છતાં બાળક ન મળી આવતાં બાળકના અપહરણ અંગે ગારીયાધાર પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરીયાદ નોંધાઈ પોલીસ દ્વારા હાલ બાળકના તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

### વાલીઓ માટે ચેતવણી રૂપ કિસ્સો

# અમદાવાદમાં ૫૦ વર્ષીય વૃદ્ધે સગીરા સાથે માણ્યું વારંવાર શરીરસુખ

## પૂર્વ વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસમાં ૩ પોકસોના બનાવ સામે આવ્યા જેમાં ૨ કિસ્સામાં પાડોશી આરોપી હોવાનું સામે આવ્યું છે

અમદાવાદ, તા.૧૩
એકલા બાળકો મૂકીને જતા વાલીઓ માટે ચેતવણી રૂપ કિસ્સો અમદાવાદના રામોલમાં સામે આવ્યો છે. પૂર્વ વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસમાં ૩ પોકસોના બનાવ સામે આવ્યા જેમાં ૨ કિસ્સામાં પાડોશી આરોપી હોવાનું સામે આવ્યું છે. પોલીસે તમામ ગુનાઓમાં આરોપીઓની ધરપકડ કરી તપાસ આગળ વધારી છે. અમદાવાદના વટવા વિસ્તારમાં ફરી એક સગીરા સાથે દુષ્કર્મનો બનાવ સામે આવ્યો છે. વટવામાં રહેતા ૫૦ વર્ષીય વૃદ્ધે પાડોશમાં રહેતી સગીરા સાથે ત્રણ વખત શરીર સંબંધ બાંધ્યો, સગીરાને અચાનક પેટમાં દુખાવો થતાં મેડીકલ તપાસમાં સામે આવ્યું કે સગીરાને પેટમાં અઢી માસનો ગર્ભ છે. પરિવારે સગીરાને પૂછતા પાડોશમાં રહેતા વૃદ્ધ સાથે સંબંધ બાંધ્યા હોવાનું જાણવા મળ્યું હતું. મામલે સગીરાના પરિવારજનોએ વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધીને વૃદ્ધ આરોપીની ધરપકડ કરી છે. મહત્વનું છે કે ૨-૩ દિવસ પહેલા પણ અમરાઈવાડીમાં એક સગીરા પર છેડતી નો બનાવ બન્યો હતો અને જેમાં પાડોશીએ સગીરા સાથે છેડતી કરી હતી. અમરાઈવાડીમાં પાડોશમાં રહેતા વૃદ્ધે એકલતાનો લાભ લઈને સગીરા સાથે શારીરિક અડપલાં કરતા સગીરા ગભરાઈને પાડોશીના ઘરે જતી રહી હતી. પિડિત સગીરાએ પાડોશી વૃદ્ધની કરતૂત અંગે પાડોશીને હકીકત જણાવી હતી.ત્યારબાદ પાડોશીએ સગીરાના માતા પિતાને ફોન કરીને સમગ્ર મામલાની જાણ કરી હતી.આરોપી વૃદ્ધનો ભાંડો ફૂટી જતા વૃદ્ધ ઈન્દિરા બ્રિજ પાસે નર્મદા કેનાલમાં આત્મહત્યા કરવા દોડી ગયો અને ત્યાંથી પોતાની પત્નીને વિડીયો કોલ કરીને જાણ કરી હતી. સગીરાના માતા પિતા વૃદ્ધ વિરુદ્ધ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધીને વૃદ્ધ આરોપીની ધરપકડ કરી છે.

નોંધનીય છે કે રામોલમાં પિતાએ પુત્રી સાથે જ છેડતી કરી હતી અને જેને લઈ પિતાની ધરપકડ થઈ હતી. સવાલ એ છે કે પ્રકારની ઘટનાઓ કેમ વધી રહી છે? કેમ સગીરા સાથે વારંવાર આ પ્રકાર ની ઘટના વધી રહી છે.

# મહિલા આર્ટ્સ કોલેજ ઉના દ્વારા મૃગનયની મહેતાનું સન્માન કરાયું


(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૩
તાજેતરમા વર્ષ ૨૦૨૪માં રાષ્ટ્રીય સંત શ્રી તૂકડોજી મહારાજ યુનિવર્સિટી-નાગપૂર (મહારાષ્ટ્ર) મુકામે આયોજિત ૩૭મો વેસ્ટ ઝોન "સતસ્પંદન" યુવક મહોત્સવ-૨૦૨૪ પશ્ચિમી વાદ્ય સંગીત ગિટાર વાદનમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી-જૂનાગઢનું પ્રતિનિધિત્વ કરવા બદલ તથા સતત ત્રણ વર્ષથી મહિલા આર્ટ્સ કોલેજ-ઉના તરફથી ભક્તકવિ શ્રી નરસિંહ મહેતા યુનિવર્સિટી- જૂનાગઢ યુવાઉત્સવ "અવસર" માં પશ્ચિમી વાદ્ય સંગીત ગિટાર વાદન, શાસ્ત્રીય વાદ્ય સંગીત, સુગમ સંગીતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર મૃગનયની કમલેશ મહેતાને સંગીત ક્ષેત્ર ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરી મહિલા કોલેજનું નામ ગૌરાન્વિત કરવા બદલ તૃતીય વર્ષ વિનિયનના વિદ્યાર્થિની મૃગનયની મહેતાને સહર્ષ સમ્માનિત કરવામાં આવ્યા હતા.

# કેનેડામાં ગુજરાતી યુવકનું ટ્રકની ટક્કરે મોત

અમદાવાદ, તા.૧૩
કેનેડામાં વધુ એક ગુજરાતીનું માર્ગ અકસ્માતમાં મોત થયાનું સામે આવ્યું છે. વિગતો મુજબ દહેગામના શિયાવાડા ગામનો વિદ્યાર્થી બન્યો કેનેડામાં અકસ્માતનો ભોગ બન્યો છે. રોડ ક્રોસ કરતા સમયે ટ્રકે ટક્કર મારતાં ઘટનાસ્થળે વિદ્યાર્થીનું મોત થયું હતું. ઘટનાને લઈ મૃતકના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. દહેગામના શિયાવાડા ગામનો મિત નામનો વિધાર્થી ૯ મહિના પહેલા કેનેડા ગયો હતો. જોકે હવે કેનેડાથી એકના એક પુત્રના મોતના સમાચાર આવતા પરિવાર ઘેરા આઘાતમાં સરી પડ્યો છે. વિગતો મુજબ શિયાવાડા ગામના મિત નામના વિધાર્થીને રોડ ક્રોસ કરતા સમય એક ટ્રકે ટક્કર મારી હતી. જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત મિતનું મોત થયું હોવાનું સામે આવ્યું છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં હાથ ઘડતરના વાસણ બનાવવાનો ઉદ્યોગ ધીમે ધીમે લુપ્ત થઈ રહ્યો છે

## કાચામાલના ભાવમાં વધારો અને GST દર વધારે હોવાથી ગૃહ ઉદ્યોગ પડી ભાંગ્યો, બે હજાર કારીગરો બેરોજગાર



સુરેન્દ્રનગર, તા.૧૩

સમગ્ર દેશમાં સૌથી ઓછી વસ્તી ધરાવતો સમાજ એક કંસારા સમાજ છે. ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ જોરાવનગર રતનપર સહિતના ગ્રામીણ વિસ્તારોમાં કંસારા સમાજની વસ્તી ૫% જેટલી છે ત્યારે કંસારા સમાજના લોકો મોટાભાગે તાંબા પિત્તાળના વાસણના ઉદ્યોગ સાથે સંકળાયેલા હોય છે અને તાંબા પિત્તળના વાસણો બનાવી અને પોતાનું જીવન ધોરણ ગુજારતા હોય છે અને આ તેમનો પારિવારિક બિઝનેસ હોય તે આગળ વધારતા હોય છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં જોરાવનગર રતનપર વઢવાણ વિસ્તારમાં તાંબા પિત્તાળના વાસણ બનાવવાનો ઉદ્યોગ એક સમય સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રખ્યાત હતો. અહીં બનતા તાંબા પિત્તાળના વાસણો સમગ્ર ભારતમાં જતા હતા અને અહીંના કારીગરો દ્વારા જે વાસણો બનાવવામાં આવતા હતા તેની નકશી અને ડિઝાઈન તથા તેની કારીગરી અદભુત હતી અને સમગ્ર દેશમાં આ વાસણોની માંગ હતી પરંતુ પરિવર્તન આવ્યો અને આ કલા જાણે નષ્ટ થઈ ગઈ હોય તેવી બજારમાં અસર વર્તાઈ. વાસણ ઉદ્યોગ ઉપર સરકાર દ્વારા ૧૮%થી વધુનો જીએસટી નાખવામાં આવ્યો જેથી આ ધંધાને અને આ ઉદ્યોગને સૌથી વધુ અસર થઈ કારણ કે હાથ બનાવટી આ ઉદ્યોગ અને તાંબા પિત્તાળના વાસણો બનાવવાનો આ ઉદ્યોગ જીએસટીના કારણે મોંઘો બન્યો પહેલાથી જ હાથ બનાવટી આ ઉદ્યોગ હોવાના કારણે તેની પડતર કિંમત વધારે હતી. તે ઉપરાંત ૧૮ ટકાથી વધુનો જીએસટી લગાવવામાં આવતા તેની કિંમતમાં બમણો વધારો થયો જેને લઈને હવે લોકો આવા પ્રકારના વાસણો ખરીદતા બંધ થઈ ગયા. અત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના આજુબાજુના ગામડાઓ સહિતના ૨૦૦૦થી વધુ કારીગરો આ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે તે બેરોજગાર બન્યા છે. હાલના યુગમાં તાંબા પિત્તાળના વાસણો ઘરમાં રાખવાનો ક્રેઝ ઘટ્યો છે કારણ કે પહેલા તાંબા પિત્તળના વાસણો ઘરની અભરાઈ ઉપર જોવા મળતા હતા ત્યારે હાલની પરિસ્થિતિ મુજબ ઘરમાંથી અભરાઈ જ ગુમ થઈ ગઈ છે. હવે માત્ર માળીયાઓ બચ્યા છે. આધુનિક યુગમાં તાંબા પિત્તળના વાસણોનો ક્રેઝ ઓછો જોવા મળ્યો છે તેની બજારમાં પણ અસર જોવા મળી રહી છે.

# જો તમે સાર્વજનિક સ્થળોએ તમારો ફોન ચાર્જ કરતા હોવ તો નવા USB ચાર્જર કૌભાંડથી સાવધ રહો

નવી દિલ્હી, તા.૧૩

USB ચાર્જર કૌભાંડને લઈને સરકારે નાગરિકોને કડક ચેતવણી આપી છે. તેઓ લોકોને સાવચેત રહેવા અને એરપોર્ટ, કાફે, હોટેલ અને બસ સ્ટેન્ડ જેવા સામાન્ય રીતે વારંવાર આવતા સ્થળોએ પબ્લિક ચાર્જિંગ પોર્ટલનો ઉપયોગ કરવાનું ટાળવાની સલાહ આપે છે. ચેતવણીનો ઉદ્દેશ્ય આ કૌભાંડ દ્વારા ઉદ્‌ભવતા નોંધપાત્ર જોખમ વિશે જાગૃતિ લાવવાનો છે અને વ્યક્તિઓને સફરમાં તેમના ઉપકરણોને ચાર્જ કરતી વખતે તકેદારી રાખવા વિનંતી કરે છે.

USB સ્કેમ, જેને USB ચાર્જર સ્કેમ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સાયબર અપરાધીઓ દ્વારા જાહેર ચાર્જિંગ પોર્ટ, જેમ કે એરપોર્ટ, કાફે, હોટલ અને બસ સ્ટેન્ડમાં જોવા મળે છે તેની સાથે સમાધાન કરવા માટે ઉપયોગમાં લેવાતી એક ભ્રામક યુક્તિ છે. આ કૌભાંડમાં ગુનેગારો જ્યુસ-જેકિંગ નામની તક્નિક દ્વારા USB ચાર્જિંગ પોર્ટની હેરફેર કરે છે. જ્યારે શંકાસ્પદ વ્યક્તિઓ તેમના ઉપકરણોને ચાર્જ કરવા માટે આ ચેડાં પોર્ટ્સમાં પ્લગ કરે છે, ત્યારે સાયબર અપરાધીઓ સંવેદનશીલ વપરાશકર્તા ડેટા ચોરી શકે છે અથવા કનેક્ટેડ ઉપકરણો ઉપર માલવેર ઈન્સ્ટોલ કરી શકે છે. આનાથી વ્યક્તિઓને ડેટા ચોરી, માલવેર ચેપ અથવા તો ખંડણીની માગણીઓ માટે ઉપકરણ હાઈજેક થવાનું જોખમ રહે છે.

**USB ચાર્જર કૌભાંડથી કેવી રીતે સુરક્ષિત રહેવું :-**

૧. જ્યારે પણ શક્ય હોય, ત્યારે તમારા ઉપકરણોને ચાર્જ કરવા માટે પરંપરાગત ઈલેક્ટ્રિકલ વોલ આઉટલેટ્સનો ઉપયોગ કરો. જો તમે બહાર હોવ અને તમારા ફોનને ચાર્જ કરવાની જરૂર હોય, તો તમારૂં પોતાનું ચાર્જર અથવા પોર્ટેબલ પાવર બેંક સાથે રાખવાનું વિચારો. સાર્વજનિક USB ચાર્જિંગ સ્ટેશનને ટાળીને, તમે કૌભાંડનો ભોગ બનવાનું જોખમ ઘટાડી શકો છો.

૨. તમારા ઉપકરણ પર સુરક્ષા પગલાંનો અમલ કરો, જેમ કે PIN અથવા પાસવર્ડ સેટ કરો. આ તમારા ઉપકરણની અનધિકૃત એક્સેસને અટકાવે છે અને તમારા ડેટાને સુરક્ષિત કરવામાં મદદ કરે છે. વધુમાં તમારા ઉપકરણને અજાણ્યા અથવા અવિશ્વસનીય ઉપકરણો સાથે કનેક્ટ કરવાનું ટાળો. સાયબર હુમલાના જોખમને ઘટાડવા માટે તમે વિશ્વાસ કરતા હો તે ઉપકરણો સાથે જ જોડી બનાવો.

૩. જ્યારે તમારૂં ઉપકરણ બંધ હોય ત્યારે તેને ચાર્જ કરવાથી સાયબર હુમલાનું જોખમ ઘટાડી શકાય છે. જ્યારે તમારૂં ઉપકરણ બંધ હોય, ત્યારે તે ચેડાં કરાયેલા ચાર્જિંગ પોર્ટ દ્વારા માલવેર ઈન્સ્ટોલેશન અથવા ડેટાની ચોરી માટે ઓછું સંવેદનશીલ હોય છે.

૪. સાર્વજનિક સ્થળોએ તમારા ઉપકરણને ચાર્જ કરતી વખતે સતર્ક રહો. જો તમને કંઈપણ શંકાસ્પદ જણાય, જેમ કે ચાર્જિંગ પોર્ટમાંથી અસામાન્ય વર્તન અથવા તમારા ઉપકરણ ઉપર અનપેક્ષિત સંકેતો, તો તરત જ ચાર્જિંગ સ્ટેશનનો ઉપયોગ કરવાનું બંધ કરો. સાયબર છેતરપિંડી અથવા શંકાસ્પદ પ્રવૃત્તિની કોઈપણ ઘટનાની તાત્કાલિક યોગ્ય અધિકારીઓને જાણ કરો. તમે સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ માટે અધિકૃત વેબસાઈટની મુલાકાત લઈ શકો છો અથવા પ્રદાન કરેલ હોટલાઈન નંબર (આ કિસ્સામાં ૧૯૩૦) પર સત્તાવાળાઓનો સંપર્ક કરી શકો છો.

આ સક્રિય પગલાંને અનુસરીને તમે USB ચાર્જર કૌભાંડનો ભોગ બનવાના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડી શકો છો. તમારી સાયબર સુરક્ષાને પ્રાથમિકતા આપવાનું યાદ રાખો અને સાર્વજનિક સ્થળોએ તમારા ઉપકરણોને ચાર્જ કરતી વખતે સાવચેત રહો.

# રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને હીટ સ્ટ્રોકના કેસો અને ગરમીથી થતાં મૃત્યુ અંગેનો ડેટા સબમિટ કરવા આદેશ

નવી દિલ્હી, તા.૧૩

નેશનલ સેન્ટર દ્વારા જારી કરાયેલ એડવાઈઝરીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને હીટવેવ સિઝન ૨૦૨૪ ઉપર રાજ્યના આરોગ્ય વિભાગ માટે રોગ નિયંત્રણ માટે, ગરમીથી સંબંધિત શંકાસ્પદ બીમારી/મૃત્યુની તપાસ હાથ ધરતી વખતે હીટ સ્ટ્રોકના કેસો અને મૃત્યુ, કટોકટી અને કુલ મૃત્યુ અંગેનો ડેટા ઈન્ટિગ્રેટેડ હેલ્થ ઈન્ફોર્મેશન પોર્ટલ (IHIP) ઉપર સબમિટ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ચૂંટણીઓ નજીક હોવાથી વિભાગે આરોગ્ય સંબંધિત સમસ્યાઓને રોકવા માટે સામૂહિક કાર્યક્રમોનું આયોજન કેવી રીતે કરવું તે અંગેના નિર્દેશો પણ જારી કર્યા છે; આમાં પ્રારંભિક ચેતવણીઓમાં બપોરે ૧૨થી ૩ વાગ્યાની વચ્ચે આવી પ્રવૃત્તિઓ ટાળવી, મેડિકલ કેમ્પ સ્થાપવા માટે તબીબી ટીમ સાથે સ્થળનું મૂલ્યાંકન વગેરેનો સમાવેશ થાય છે. IMDએ કહ્યું છે કે, આ ઉનાળામાં ભારતના મોટાભાગના લોકોને સામાન્ય કરતાં વધુ ગરમીનો અનુભવ થશે અને તેના દિવસો પણ વધારે હશે. આયોજકોને ઈવેન્ટ્સ દરમ્યાન કોઈ ભીડભાડ ન હોય તેની ખાતરી કરવા માટે નિર્દેશ આપતા વિભાગે કહ્યું કે, પ્રવેશ ચેકપોઈન્ટ ઉપર સંવેદનશીલ વસ્તીની ઓળખ કરવી જોઈએ અને સ્થળ ઉપર સ્વયંસેવકો/કેમેરાની મદદથી તેનું નિરીક્ષણ કરવું જોઈએ. ઈવેન્ટ્સમાં યુનિફોર્મવાળી મેડિકલ એઈડ ટીમો, બહાર નીકળવાના સંકેતો સાથે ઈવેન્ટ સાઈટ્સના વિગતવાર નકશા અને બહાર નીકળવા વિશે યોગ્ય સંકેતો પણ હોવા જોઈએ. હેલ્થકેર ટીમ અને ઈવેન્ટના હિતધારકો વચ્ચે અસરકારક સંચાર હોવું જરૂરી છે. ડોક્ટરોએ પણ વધતા જતાં તાપમાન અંગે ચેતવણી આપી છે અને કહ્યું છે કે, લોકોએ સૂર્યની એલર્જી અને ડિહાઈડ્રેશનના લક્ષણો અંગે ધ્યાન આપવું જોઈએ, જેમાં ચક્કર, માથાનો દુઃખાવો, વધુ પડતી તરસ, મોં સૂકાઈ જવું, પેશાબમાં ઘટાડો અને બેહોશ થવાનો સમાવેશ થાય છે. મતદાનના મહિનાઓમાં સામાન્ય કરતાં વધુ તાપમાન જોવા મળે તેવી શક્યતા છે. વૃદ્ધ લોકો, નાના બાળકો, લાંબી માંદગીથી પીડિત દર્દીઓ અને બહુવિધ દવાઓ ઉપર રહેતા દર્દીઓ માટે ભારે ગરમીની અસર થવાની સંભાવના વધુ હોય છે. અતિશય ગરમીને કારણે ગંભીર ડિહાઈડ્રેશન સ્ટ્રોકનું કારણ બની શકે છે અને લોહીના ગંઠાવાનું પણ કારણ બની શકે છે. તેથી પર્યાપ્ત હાઈડ્રેશન જરૂરી છે. AINU ચેન્નાઈના કન્સલ્ટન્ટે નેફ્રોલોજિસ્ટે કહ્યું કે, વધતા તાપમાન સાથે વ્યક્તિઓમાં સૂર્યની એલર્જી અને સનબર્નના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. અને જ્યારે સૂર્યના કિરણો ઓછા તીવ્ર હોય ત્યારે તે સમયનો ઉપયોગ કરવો તે નિર્ણાયક છે. અમે ખુલ્લી ત્વચા ઉપર સનસ્ક્રીન લગાવવાની ભારપૂર્વક હિમાયત કરીએ છીએ અને પીઠના ઉપરના ભાગમાં ૫-૧૦ મિનિટ સુધી સૂર્યના સંપર્કને મર્યાદિત કરવાની સલાહ આપીએ છીએ. બહારના વ્યવસાયોમાં રોકાયેલા બાળકો અને વ્યક્તિઓ ખાસ કરીને સંવેદનશીલ હોય છે. જ્યારે સૂર્યના સંપર્કમાં આવવું મહત્ત્વપૂર્ણ છે, ત્યારે ત્વચાના સંભવિત નુકસાન વિશે જાગ્રત રહેવું પણ હિતાવહ છે.

# NEET UG 2024 : પરીક્ષા સીટી સ્લીપ શું છે અને તેને કેવી રીતે ડાઉનલોડ કરવી

નવી દિલ્હી, તા.૧૩

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) એ દેશની સૌથી વધુ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક છે. આ પરીક્ષા ભારતીય

મેડિકલ અને ડેન્ટલ કોલેજોમાં MBBS અને BDS કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેડિકલ પ્રવેશ પરીક્ષા છે. દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવા માટે લાંબા સમય સુધી તૈયારી કરે છે. NEET UG પરીક્ષા ૨૦૨૪માં પાંચમી મેના રોજ લેવામાં આવશે. હાલમાં આ તારીખ નક્કી કરવામાં આવી છે. જો તેમાં કોઈ ફેરફાર થશે તો ઉમેદવારો NTA NEETની સત્તાવાર વેબસાઈટ www.exams.nta.ac.in/ NEET પર અપડેટ્સ અને જાહેરાતો જોઈ શકે છે. હવે NEET પરીક્ષા માટે એક્ઝામ સીટી સ્લીપ સંબંધિત તાજેતરનું અપડેટ છે. અહેવાલો અનુસાર, NEET UG 2024 પરીક્ષા માટે એક મહિના કરતાં ઓછો સમય બાકી છે અને ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ NEET UG પરીક્ષા માટે અરજી કરી છે. અહેવાલો અનુસાર, પરીક્ષાની સીટી સ્લીપ એપ્રિલના છેલ્લા અઠવાડિયે જાહેર થવાની ધારણા છે. અત્યાર સુધી NTA અધિકારીઓ કે UGC અધ્યક્ષે NEET UG પરીક્ષા સીટી સ્લીપ બહાર પાડવા માટે કોઈ ચોક્કસ તારીખ કે સમય જાહેર કર્યો નથી. NEET UG પરીક્ષા સીટી સ્લીપ એ એક સ્લીપ છે જેમાં ઉમેદવારનું પરીક્ષા શહેર હોય છે. સીટી સ્લીપમાં ઉમેદવાર માટેનું પરીક્ષા કેન્દ્ર પણ સામેલ હશે.

**NEET UG 2024 : પરીક્ષા સીટી સ્લીપ કેવી રીતે ડાઉનલોડ કરવી :-**

૧. NTA NEETની સત્તાવાર વેબસાઈટ ઉપર જાઓ.

૨. હોમપેજ ઉપર પહોંચ્યા પછી 'નેશનલ એલિજિબિલિટી એન્ડ એન્ટ્રન્સ ટેસ્ટ (UG)ના અરજદારોને પરીક્ષા શહેરની ફાળવણી માટે અદ્યતન માહિતી' લિંક માટે જુઓ.

૩. ઉમેદવારો કાં તો આના ઉપર ક્લિક કરી શકે છે અથવા સીધા પોર્ટલમાં સાઈન ઈન કરી શકે છે.

૪. એકવાર ઉમેદવારો તેમના પોર્ટલમાં લોગ ઈન થઈ જાય, પછી તેમની NEET UG 2024 પરીક્ષા શહેરની સ્લીપ સ્ક્રીન ઉપર પ્રદર્શિત થશે.

# ધોરણ-૧૨ બાદ વિદ્યાર્થીઓને ભારે મૂંઝવણ, પાંચ વર્ષનો ઈન્ટીગ્રેટેડ કોર્ષ કરવો કે ત્રણ વર્ષનો સ્નાતકનો કોર્ષ ?

**જે મિત્રો કરિયર નક્કી કરી શકતા ના હોય અને પછીથી વિચાર કરીને સમય - સંજોગો પ્રમાણે આગળ વધવું હોય તો તેઓ પણ ત્રણ વર્ષનો કોર્ષ કરીને પાછળથી કારકિર્દીને આકાર આપી શકે છે. ત્રણ વર્ષના કોર્ષના ફાયદા એ છે કે તેની ફી ઓછી હોય છે અને અભ્યાસ સિવાયની પ્રવૃત્તિ કરવા માટે સમય મળી રહે છે. જ્યારે પાંચ વર્ષના કોર્ષનો ફાયદો એ છે કે તમારી કારકિર્દીની ગાડી પાટે ચડી જાય છે. પછી તમારે ભણવા સિવાય ક્યાંય ધ્યાન આપવાનું નથી. પાંચ વર્ષ અભ્યાસ કર્યા બાદ જે-તે વિષયના નિષ્ણાત તરીકે બહાર આવી શકાય છે. બન્ને કોર્ષના પોતાના ફાયદા અને ગેરફાયદા હોવાથી અહીં જણાવેલી માહિતી પ્રમાણે આગળ વધીને નિર્ણય લઈ શકાય.**




મિત્રો છેલ્લા થોડાક વર્ષોથી યુનિવર્સિટીઓમાં પાંચ વર્ષના ઈન્ટીગ્રેટેડ એટલે સમાવિષ્ટ અભ્યાસક્રમો લોન્ચ કરવામાં આવ્યા છે અને વિદ્યાર્થીઓને તેમાં અભ્યાસ કરવા માટે ઉત્તેજન અને આગ્રહ કરવામાં આવે છે. આથી ઘણા બધા વિદ્યાર્થીઓ મૂંઝવણ અનુભવતા હોય છે કે આના માટે નિર્ણય કેવી રીતે લેવો. ધોરણ-૧૨ પછી આવા પાંચ વર્ષના ઈન્ટીગ્રેટેડ કોર્ષીષ અલગ અલગ વિષયોમાં થતા હોય છે ત્યારે ચાલો આજે જાણીએ આવા કોર્ષ વિશે માહિતી અને આવા કોર્ષ કોણે કરવા જોઈએ અને કોણે ના કરવા જોઈએ. તો જો વિદ્યાર્થીઓ અને વાલીઓ આ બાબતે મૂંઝવણ અનુભવતા હોય તેઓ પોતાનો નિર્ણય યોગ્ય રીતે લઈ શકે. આ લેખ એટલા માટે મહત્ત્વનો છે કે, ધોરણ૧૨ની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે અને હવે ગણતરીના દિવસોમાં પરિણામો પણ જાહેર થશે ત્યારે અત્યારથી જ જો નિર્ણય લેવામાં આવ્યો હોત તો કારકિર્દીની ગાડીમાં આગળ વધી શકાય તેમ છે.

**● પાંચ વર્ષનો કોર્ષ કરવો કેમ જરૂરી ?**

પહેલા તો એવું માનવામાં આવતું હતું કે સ્નાતક થઈ ગયા એટલે બહુ થઈ ગયું. નોકરી મળી જાય એટલે આખી જીંદગી તેમાંને તેમાં જ પસાર થઈ જાય. પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે. લોકો અભ્યાસ પ્રત્યે જાગૃત થયા છે, નોકરી મેળવવા માટેની સ્પર્ધામાં ખૂબ જ વધારો થયો છે, બીજું કે હવે ઈન્ટરનેટ, ઈન્ફર્મેશન ટેકનોલોજી, સાયન્સ, ક્રીએટીવ આર્ટસ, ડિઝાઈનીંગ, આર્કીટેક્ટર અને કોમ્પ્યુટરના યુગના કારણે વિશ્વના ટ્રેન્ડ સાથે કદમથી કદમ મિલાવી શકે તેવા યુવાનોની ભરતી કરવામાં આવી રહી છે ત્યારે સ્નાતક કક્ષાના ઉમેદવારોનો અભ્યાસ તેમના ક્ષેત્રનો મર્યાદિત હોય છે જ્યારે માસ્ટર ડિગ્રી કરનાર જે પણ ક્ષેત્રનો હોય તેનો નિષ્ણાત થઈને બહાર આવ્યો હોય છે. આથી કંપનીઓ હવે માત્ર માસ્ટર ડિગ્રીવાળાઓને જ લેવાનો આગ્રહ રાખતી હોય છે. સ્નાતક ડિગ્રી કરનારને સામાન્ય જોબથી સંતોષ માનવો પડતો હોય છે. વળી વિદ્યાર્થીઓ પણ પોતાની જાતને પહેલેથી જ તૈયાર કરી દે છે કે તેઓને માસ્ટર ડિગ્રી તો કરવી જ પડશે. એટલે જ તો હવે ઈન્ટીગ્રેટેડ કોર્ષની ડિમાન્ડ વધી ગઈ છે. તમામ ખાનગી અને હવે તો સરકારી યુનિવર્સિટીઓ પણ ઈન્ટીગ્રેટેડ કોર્ષ ડિઝાઈન કર્યા છે. જેમાં ઈન્ટીગ્રેટેડ બીબીએ+એમબીએ, બીસીએ+એમસીએ, બીએસસીઆઈટી+એમએસસીઆઈટી, +બીટેક+એમટેક, ઈન્ટીગ્રેજેડ લોમાં બીબીએ એલએલબી, બી.કોમ એલએલબી સહિતના કોર્ષનો સમાવેશ થાય છે. આ તમામ હવે પાંચ જ વર્ષના થઈ ગયા છે અને વિદ્યાર્થીઓમાં પણ ભારે આવકાર પામ્યા છે સિવાય જો તમે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, એલએલબી, હોટલ મેનેજમેન્ટ કરવું હોય તો પણ લઘુત્તમ લાયકાત તો સ્નાતકની હોય જ છે. જો સાયન્સ સ્ટ્રીમની વાત કરૂ તો જો તમે બીએસસી, બી ફાર્મ, બીડીએસ, એમબીબીએસ કે અન્ય કોઈ સંલગ્ન સ્નાતક કક્ષાના કોર્ષ કરો તો તમારા કરિયરની સામાન્ય શરૂઆત જ થાય છે પરંતુ માસ્ટર ડિગ્રીની તો વાત જ કંઈક અલગ હોય છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા તો અલગ અલગ વિષયોની વિશાળ રેન્જમાં પાંચ વર્ષના ૪૬ જેટલા કોર્ષ શરૂ કરવામાં આવ્યા છે. તેની જાણકારી મેળવવી હોય તો Gujarat Universityની વેબસાઈટ ઉપર જઈને તપાસ કરી શકાય છે અને ત્યારબાદ રૂબરૂ મુલાકાત લઈને કોર્ષ વિશે જાણકારી મેળવી શકાય છે. અમુક કોર્ષ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે પણ થાય છે.

**● માસ્ટર ડિગ્રી કરવાના ફાયદા**

જો અભ્યાસ માટે ખાલી બે વર્ષ વધુ ફાળવી દો તો તમારી સમગ્ર કારકિર્દીમાં એક સુખદ વળાંક આવી જાય છે. તમારી કરિયરની શરૂઆત જ ઊંચા પગારથી અને હોદ્દાથી થાય છે અને તેના કારણે તમને ભવિષ્યમાં ખૂબ જ ફાયદો થાય છે. જ્યારે સ્નાતક કક્ષાએથી નોકરી લીધી હોય તો તે પગાર અને હોદ્દા સુધી પહોંચવા માટે ભારે સંઘર્ષ કરવો પડે છે અને વર્ષો વિતી જાય છે. જો તમે માસ્ટર ડિગ્રી કરી છે એટલે તમે જે-તે ફિલ્ડના નિષ્ણાત બની જાવ છે. આથી તમારી આવડત એક અલગ સ્તરની છે અને તમે તમારી આવડત પ્રમાણે પગાર અને હોદ્દાની માંગણી કરી શકો છો. ભવિષ્યમાં બઢતીની તકો પણ વધી જાય છે. જે લોકોએ માસ્ટર ડિગ્રી કરી હોય તેમના માટે સંશોધનની વિશાળ તકો રહેલી હોય છે. તેઓ માસ્ટર ડિગ્રીના અભ્યાસ દરમ્યાન કે તે પછી સંશોધન ક્ષેત્રમાં રિસર્ચ ફેલો તરીકે જોડાઈ શકે છે. આ ઉપરાંત કોઈપણ ક્ષેત્રમાં જો તમારે શિક્ષક બનવું હોય તો માસ્ટર ડિગ્રી કરેલી હોય તો તરત નોકરી મળે છે. બીજું કે માસ્ટર ડિગ્રી કરનારને પીએચડીના પણ ચાન્સીસ છે અને તેઓ પીએચડી કરીને ઉત્તમ પગાર સાથે ટોચનો હોદ્દો મેળવી શકે છે. કોલેજોમાં લેક્ચર કે પ્રોફેસર બની શકે છે. તમે એક વાત ખાસ નોંધજો કે જો તમે સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ કરતા હોવ ત્યારે કેમ્પસ પ્લેસમેન્ટ ખૂબ જ જૂજ તકો છે. આ ફાયદો માત્ર એન્જિનિયરીંગમાં જ મળે છે પરંતુ તે પણ ચાર વર્ષનો કોર્ષ હોય છે. જ્યારે બીજા કોઈપણ અભ્યાસક્રમ લઈ લો કંપની માસ્ટર ડિગ્રી કરનારને જ કેમ્પસમાં સિલેક્ટ કરવા માટે આવે છે. જ્યારે કંપનીઓ માને છે કે કે સામાન્ય જોબ માટે તો સ્નાતક કક્ષાના ઉમેદવારો જોઈએ તેટલા મળી રહેવાના છે. પહેલા તો ગ્રેજ્યુએટ થયા તો ભયો ભયો જેવી વાત છે પરંતુ માસ્ટર ડિગ્રીવાળાની એક અલગ પ્રતિભા ગણાતી હતી. પરંતુ આજકાલ તો લોકો માસ્ટર ડિગ્રી સુધી તો ભણે જ છે અને તેટલું ભણ્યા હોય તો જ અભ્યાસ પૂરો કર્યો હોવાની એક સામાન્ય લાગણી પ્રવર્તે છે. આથી માસ્ટર ડિગ્રી કરો તો એક સારૂ શિક્ષણ લીધું હોવાનો સંતોષ થાય છે. ઉપરાંત પાંચર વર્ષ દરમ્યાન તમે જે વિષયમાં અભ્યાસ કરો છે તે બાબતે સંપૂર્ણ રીતે તૈયાર થઈ જાવ છો. કારણ કે કોર્ષ જ એ રીતે ડિઝાઈન કરેલો હોય છે.

**● કોણે સ્નાતક સુધીનો જ અભ્યાસ કરવો જોઈએ ?**

લેખના અગાઉના ભાગમાં મેં આપ સૌને પાંચ વર્ષ સુધી અભ્યાસ કરીને માસ્ટર ડિગ્રી કરવા માટે ઈન્ટીગ્રેટેડ કોર્ષના ફાયદા ગણાવ્યા પરંતુ જે લોકોને ત્રણ વર્ષનો અભ્યાસ કરવો હોય તો તેના માટે પણ વિકલ્પો તો ખુલ્લા જ છે. તો અત્રે જણાવ્યું કે સ્નાતક સુધીના અભ્યાસ કોણે કરવા જોઈએ. તો જેને અભ્યાસ પછી બિઝનેસ કરવો હોય કે અભ્યાસ દરમ્યાન બિઝનેસ કરવો હોય તો તેઓએ ત્રણ વર્ષનો અભ્યાસ પસંદ કરવો જોઈએ. વળી જેઓ સરકારી નોકરી, ચાર્ટર્ડ એકાટન્ટન્ટ, કંપની સેક્રેટરી વગેરે ભણવા માગતા હોય તેઓ પણ ત્રણ વર્ષનો કોર્ષ પસંદ કરી શકે છે. ઘણા વિદ્યાર્થીઓ અસમંજસમાં હોય છે કે તેઓ સતત પાંચ વર્ષ સુધી ભણવા માંગે છે કે નહી તેઓ પણ ત્રણ વર્ષનો કોર્ષ કરી શકે છે. બીજી એક મહત્ત્વની વાત છે કે પાંચ વર્ષનો કોર્ષ મુખ્યત્વે ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા કે અમુક સરકારી યુનિવર્સિટીઓ દ્વારા પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે ચલાવવામા આવે છે. આથી તેની ફી ઊંચી હોય છે. તેના કારણે ઘણા વિદ્યાર્થીઓ જો ફી ચૂકવી શકે તેમ ના હોય તો સરકારી કે ગ્રાન્ટેડ કોલેજોમાં સ્નાતક અને સ્નાતક બાદનો અભ્યાસક્રમ કરી શકે છે. પાંચ વર્ષનો અભ્યાસ કરવાની આ સૌતી મોટી મર્યાદા અને પડકાર છે. જે મિત્રો કરિયર નક્કી કરી શકતા ના હોય અને પછીથી વિચાર કરીને સમય - સંજોગો પ્રમાણે આગળ વધવું હોય તો તેઓ પણ ત્રણ વર્ષનો કોર્ષ કરીને પાછળથી કારકિર્દીને આકાર આપી શકે છે. ત્રણ વર્ષના કોર્ષના ફાયદા એ છે કે તેની ફી ઓછી હોય છે અને અભ્યાસ સિવાયની પ્રવૃત્તિ કરવા માટે સમય મળી રહે છે. જ્યારે પાંચ વર્ષના કોર્ષનો ફાયદો એ છે કે તમારી કારકિર્દીની ગાડી પાટીએ ચડી જાય છે. પછી તમારે ભણવા સિવાય ક્યાંય ધ્યાન આપવાનું નથી. પાંચ વર્ષ અભ્યાસ કર્યા જે-તે વિષયના નિષ્ણાત તરીકે બહાર આવી શકાય છે. બન્ને કોર્ષના પોતાના ફાયદા અને ગેરફાયદા હોવાથી ઉપર જણાવેલી માહિતી પ્રમાણે આગળ વધીને નિર્ણય લઈ શકાય.

# વિસાવદરમાં સમસ્ત ઓડ પરિવારના મહાસતી શ્રી જશમાં માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર તા.૧૩

વિસાવદર શ્રી સમસ્ત ઓડ પરિવારનું સ્નેહ મિલન તથા મહાસતી શ્રી જશમાં માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રતિષ્ઠા પ્રારંભ ચૈત્ર સુદ ૪ ને શુકવાર તા.૧૨/૦૪/૨૪ સાંજે ૪:૩૦ કલાકે કરવામાં આવ્યો હતો. પ્રતિષ્ઠાની પુર્ણાહુતી ચૈત્ર સુદ ૭ ને સોમવાર તા.૧૫/૦૪/૨૪ બપોરે ૧૨:૩૦ કલાકે રાખેલ છે. જેનું શુભ સ્થળ સતાધાર રોડ, હેલીપેડની બાજુમાં, વિસાવદર, જી.જુનાગઢ મુકામે રાખેલ છે. જેના નિમંત્રક તરીકે સમસ્ત ઓડ સમાજ દ્વારા આમંત્રણ આપવામાં આવી રહીયું છે. આ પ્રતિષ્ઠા મહોત્સવના મંગલ ઉત્સવનો સવંત ૨૦૮૦ ના ચૈત્ર સુદ ૪ ને શુકવાર તા.૧૨/૦૪/૨૦૨૪ ના રોજ દેહ શુદ્ધિ હેમાદરી-પ્રાયચીત, નાંદી શ્રાદ્ધ-સમય સાંજે-૪-૩૦ કલાકે પ્રારંભ થયેલ છે. શોભાયાત્રા આજે તા.૧૩/૦૪/૨૪ને શનિવાર ના રોજ સવારે ૮-૦૦ કલાકે શ્રી રામજી મંદિર વિસાવદર ખાતેથી નીકળેલ હતી. જેમાં પ્રથમ દિવસ તા.૧૩/૦૪/૨૪ ના રોજ ગણપતિ પૂજન, નગરયાત્રા, જળયાત્રા, મૂર્તિ મંડપ પ્રવેશ, સ્થાપિત દેવી દેવતાઓનું પૂજન મૂર્તિ જલાધીવાસ, મધ્યાતર સમય ૧૨-૩૦થી ૨-૩૦ કલાક સુધી તથા આજ દિવસે બપોર પછી કુંડ પૂજન, અગ્નિ સ્થાપન, ગ્રહશાંતિ, જલાધીવાસમાંથી મૂર્તિ ઉતીષ્ટ, પુષ્પાધિવાસ, આરતી તથા બીજા દિવસે ગણપતિ પૂજન સવારે ૮-૦૦ કલાકે, ત્યારબાદ સ્થાપિત દેવી દેવતાઓનું પૂજન પુષ્પાધિવાસમાંથી મૂર્તિઉતીષ્ટ, સ્થાપીત દેવી દેવતાઓનો હોમ, ધાન્યાધિવાસ, મધ્યાંતર બાદ શાંતિ પુસ્ટીક હોમ,વાસ્તુ હોમ, ધાન્યાધિવાસમાંથી મૂર્તિઉતીષ્ટ, શયનાધિવાસ-આરતી, તથા ત્રીજા દિવસે પ્રાત પૂજન, સ્થાપિત દેવી દેવતાઓનું પૂજન, મુર્તી ન્યાસ, સ્થપન વિધિ, શિખર અભિષેક, નેત્રોનમિલન, મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા,ધ્વજા પૂજન, પૂર્ણાહુતિ અને બપોરે ૧૨-૩૦ કલાકે બીડું હોમવાનું તથા મહા આરતીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં આચાર્ય તરીકે શાસ્ત્રી મનોજભાઈ હરિભાઈ ઠાકર મોણીયાવાળા તથા ઉપાચાર્ય તરીકે નટવરલાલ રમણિકભાઈ જોશી સરસઈવાળા બિરાજશે. તથા ભોજનના દાતાશ્રી તરીકે જાણીતા દાનવીર કાનજીભાઈ કલ્યાણભાઈ કાનગડ, મોટા કોટડા તથા ઉદયભાઈ મહેતા વિસાવદર વાળા રહેશે. આ પ્રસંગે સંતો-મહંતો, દાતાઓ, ઉપસ્થિત રહેશે. જેમાં આવતીકાલ તા.૧૪/૦૪/૨૪ ના રોજ ભવ્ય લોકડાયરો રાત્રીના ૯-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. જેમાં લાખાભાઈ ગઢવી, મનીષભાઈ રિબડીયા, ગોપાલ પટેલ, રાજભા ગઢવી વિગેરે હાજર રહેશે અને લોકડાયરાની રમઝટ બોલાવશે.

### જૂનાગઢ જીલ્લા ભાજપના આગેવાનો દ્વારા

## તળાવો-ડેમોમાંથી ખેડુતોને વિનામૂલ્યે માટી કાઢવા થતી અડચણ દુર કરવા મુખ્યમંત્રીને રજુઆત



જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ જીલ્લા ભાજપ આગેવાન તથા સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ કટારીયાએ મુખ્યમંત્રીનો રજુઆત કરી જણાવેલ છે કે, ગામેગામ સરકારશ્રી દ્વારા સુજલામ-સુફલામ યોજના અમલમાં મુકી છે. અંતર્ગત જુદા જુદા ગામડાઓના તળાવો ઉંડા કરવા અને ખેડુતોને વિનામૂલ્યે કાપ કાઢી માટી ભરી આપવાની ખાસ યોજના બનાવવી જોઈએ જેથી ડેમો તથા તળાવ ઉંડા ઉતારવા સાથે માટીના કાપથી ખેડુતોની જમીન ફળદ્રુપ બને છે. વધુમાં જણાવ્યું છે કે, અમારી પાસે ગ્રામ્ય વિસ્તારોના ખેડુતોની ફરીયાદો છે કે ખેડુતો ડેમમાંથી માટી કાઢે તો તેમના વાહનો જપ્ત કરાય છે જે થવું જોઈએ નહીં. જો આ માટી કાપ ખેતરમાં ભરાય તો ફળદ્રુપતા વધશે અને ડેમ-તળાવ ઉંડા કરવાનું કામ પણ થશે. આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા માટે મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.

### ભારતમાં બ્રિટનના નવા રાજદૂત તરીકે લિન્ડી કેમરૂનની નિયુક્તિ

# હવે બ્રિટનમાં સંબંધીઓને ફેમિલી વિઝા પર સ્પોન્સર કરવાનું મોંઘુ થશે

**પોતાના પરિવારના સભ્યોને બ્રિટન બોલાવવા માગતા લોકોની ન્યૂનતમ વાર્ષિક આવક ૨૯,૦૦૦ પાઉન્ડ હોવી જરૂરી**

લંડન, તા.૧૩

બ્રિટને પોતાના સંબંધીઓને ફેમિલી વિઝા પર સ્પોન્સર કરવા ઈચ્છતા લોકો માટે જરૂરી લઘુતમ આવકની મર્યાદામાં ગુરૂવારથી ૫૫ ટકા જેટલો જંગી વધારો કર્યો છે. બ્રિટનના આ નિર્ણયને પગલે ભારતીય સહિત અન્ય મૂળના બ્રિટિશ નાગરિકો તથા વસાહતીઓ માટે ફેમિલી વિઝાના માધ્યમથી પોતાના સંબંધીઓને સ્પોન્સર કરવાનું મુશ્કેલ બનશે. ગયા વર્ષે સરકાર દ્વારા જાહેર કરાયેલ પગારની મર્યાદામાં વધારો કરાયાને પગલે આ નિર્ણય લેવાયો છે. ગુરૂવારથી અમલી બનેલા આ નવા વધારાને પગલે ફેમિલી વિઝાના માધ્યમથી પોતાના કોઈ સંબંધીને યુનાઈટેડ કિંગડમ બોલાવવા માટે સ્પોન્સરશિપ કરવા ઈચ્છતા વ્યક્તિનું લઘુતમ વાર્ષિક વેતન ૨૯,૦૦૦ પાઉન્ડ હોવું ફરજિયાત બનાવાયું છે. અગાઉ આ શ્રેણી હેઠળ લઘુતમ વાર્ષિક વેતન ૧૮,૬૦૦ પાઉન્ડ હતું. આવતા વર્ષથી આ વેતનની આ લઘુતમ જરૂરિયાતને સ્કીલ્ડ વર્કર વિઝાની શ્રેણી માટે નક્કી કરાયેલી ૩૮,૭૦૦ પાઉન્ડની ટોચમર્યાદાને સમકક્ષ બનાવવા તેમાં પણ બે ગણો વધારો કરાશે. બ્રિટનના ગૃહ વિભાગે આ નવા નિયમો અંગે જણાવ્યું હતું કે, દેશમાં કાયદેસરના વસાહતીઓની સંખ્યા પર નિયંત્રણ મુકવા તથા અહીં આવતા લોકો દેશના કરદાતાઓ પર ભારરૂપ ના બને તે માટે વડાપ્રધાન રિશી સુનક તથા ગૃહ મંત્રી જેમ્સ ક્લેવરલીની યોજના અંતર્ગત તેનો અમલ કરાયો છે. ક્લેવરલીએ જણાવ્યું હતું કે, વિદેશી વસાહતીઓના મામલે હવે આપણી ટોચમર્યાદા આવી ગઈ છે. જોકે જ્યારે આ યોજના બ્રિટિશ સંસદમાં રજૂ કરાઈ ત્યારે બ્રિટનના વિરોધ પક્ષો દ્વારા તેની આકરી ટીકા કરાઈ હતી. સુનકે આ નવા નિયમો અંગે જણાવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિ તેમના પરિવારના લોકોને આ દેશમાં લાવવા ઈચ્છતા હોય તો તેઓ તેમને મદદ કરી શકે તેટલાં સક્ષમ હોવા જોઈએ. અમે વેતનની ટોચમર્યાદામાં બે તબક્કામાં નોંધપાત્ર વધારો કરી રહ્યાં છીએ. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, લઘુતમ આવકની જરૂરિયાતમાં કરાયેલો વધારો તબક્કાવાર અમલી બનાવાયો હોઈ તેનાથી સ્પોન્સર કરનાર પરિવારો આયોજનપૂર્વક વિઝાની પ્રક્રિયામાં આગળ વધી શકશે અને બ્રિટન આવતા તેમના પરિવારોની આર્થિક સલામતી સુનિશ્ચિત બનશે. બ્રિટને લિન્ડી કેમરુનની ભારતમાં પોતાના નવા રાજદૂત તરીકે નિયુક્તિ કરી છે. લિન્ડી કેમરૂન એલેક્સ એલિસનું સ્થાન લેશે. એલેક્સ એલિસની વિદેશ વિભાગની અન્ય સેવામાં બદલી કરાશે. લિન્ડી કેમરુપ ભારતની બ્રિટિશ હાઈકમિશનર તરીકે નિયુક્ત પ્રથમ મહિલા છે. લિન્ડી કેમરૂન આ મહિનામાં પોતાની જવાબદારી સંભાળી લેશે. એ ૨૦૨૦થી યુકેના નેશનલ સાયબર સિક્યોરિટી સેન્ટરના ચીફ એક્ઝિક્યુટિવ તરીકે કાર્યરત છે.

### લાંબો સમય સુધી બહાર ન આવતા ભાંડો ફૂટ્યો

## દિલ્હીથી સુરત આવતી ફ્લાઈટના બાથરુમમાં યુવકે સિગારેટ સળગાવતા ધમાચકડી મચી

**યુવકની પૂછપરછ કરતા તેણે બાથરૂમમાં સ્મોકિંગ કર્યું હોવાની કબૂલાત કરી હતી**

સુરત, તા.૧૩

ફ્લાઈટમાં જ્વલનશીલ પદાર્થ લઈ જવાની મનાઈ હોય છે તેમ છતાં પશ્ચિમ બંગાળનો એક યુવક દિલ્હીથી સુરત આવતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટમાં સિગારેટ લઈ બેઠો હતો. એટલું જ નહીં આ યુવકે ચાલુ પ્લેનમાં બાથરૂમમાં જઈ સિગારેટ સળગાવી સ્મોકિંગ કર્યુ હતું. આ હકીકત ઉઘાડી પડતાં પ્લેનમાં દોડધામ મચી ગઈ હતી. મુસાફરોના જીવ જોખમમાં મુકનાર યુવક સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગઈ તા. ૧૦ એપ્રિલના રોજ રાત્રે ૯.૪૫ કલાકે એરઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ ૫૧૫૬૯ સુરત આવવા ઉડી હતી. આ પ્લેનની સીટ નં. ૨૮ એફમાં કૌસ્તવ સત્યજીત બિસ્વાસ (ઉં.વ. ૨૩, રહે ગામ ખાન્ટુરા ગોરબરડાંગા નોર્થ ૨૪ પરગણા પશ્ચિમ બંગાળ) બેઠો હતો. આ યુવક છુપી રીતે પ્લેનમાં સિગારેટ તથા માચીસ બોક્સ લઈ પ્રવેશ્યો હતો.

ચાલુ ફ્લાઈટે બાથરુમાં સિગારેટ સળગાવી સ્મોકિંગ કર્યુ હતું. ઘણા સમયથી યુવક બાથરૂમમાં હોય અન્ય પેસેન્જરે ક્રુ મેમ્બરને જાણ કરી હતી. ક્રુ મેમ્બરે બાથરૂમ ખખડાવતા યુવકે દરવાજો ખોલ્યો હતો ત્યારે અંદરથી સિગારેટના ધુમાડા ઉડતા હતા. ગંધ આવતી હતી. યુવકની પૂછપરછ કરતા તેણે બાથરૂમમાં સ્મોકિંગ કર્યુ હોવાની કબૂલાત કરી હતી. ફ્લાઈટ સુરત એરપોર્ટ ઉપર લેન્ડ કર્યા બાદ ક્રુ મેમ્બરે આ અંગે એર ઈન્ડિયા એક્સપ્રેસ સ્ટાફના માણસોને જાણ કરી હતી. પેસેન્જર્સની જિંદગી જોખમાય તે રીતે ઉડતા પ્લેનના બાથરૂમમાં સ્મોકિંગ કરનાર યુવક કૌસ્તવ સત્યજીત બિસ્વાસ વિરુદ્ધ બાદમાં એર ઈન્ડિયા એક્સપ્રેસના સ્ટાફે પોલીસ ફરિયાદ કરી હતી. તેની સામે આઈપીસીની કલમ ૧૭૯ હેઠળ કે જેમાં છ મહિનાની સજા અને એક હજાર રૂપિયાના દંડની જોગવાઈ છે, તે મુજબ ગુનો નોંધાયો હતો.

### ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલને કારણે

# કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને પારવાર હાલકીનો સામનો કરવો પડશે

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૧૩

તાજેતરમાં ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના પરિપત્ર અનુસાર સરકારી ૧૪ જેટલી યુનિવર્સિટીમાં અને એ સંલગ્ન કોલેજોમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. આ પરિપત્રને કારણે આજ સુધી સરળતાથી પ્રવેશ મેળવતા વિધાર્થીઓને અનેક સમસ્યાનો સામનો કરવો પડશે.એક તો ધોરણ ૧૨ના પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓને આ પોર્ટલ વિષે પુરતી માહિતી નથી.તેમજ આમાં રજીસ્ટ્રેશન કરવાની તારીખ ૧૪ એપ્રિલ છે. હજુ સુધી ૧૨ નું પરિણામ કયારે આવશે કેવું આવશે એ નક્કી નથી અને સરકારને ૩૦૦ રૂપિયાનો ચાંદલો ફરજીયાત કરવાનો.આ માટે પોતાના વતન કે તાલુકા મથકેથી વિધાર્થી જીલ્લા મથકે કે કોલેજે જશે ત્યાં સાઈબર કાફે વાળાને મળી ૧૦૦ રૂપિયામાં રજીસ્ટ્રેશન કરશે અને એ પછી ૦૮-૧૦ પ્રકારના ડોક્યુમેન્ટ સ્કેન કરી અપલોડ કરશે આ ખર્ચ સરેરાશ ૧૦૦૦ આસપાસ થાય એવી સંભાવના રહી છે. શિક્ષણ વિભાગના આવા નિર્ણય સામે એં.એસ.યુ.આઈ.કે એ.બી.વી.પી. જેવા વિધાર્થી સંગઠનો કેમ ચુપ છે? કેમ કે એડમિશન આપવું કે નહી એતો જેતે કોલેજ અને યુનિવર્સીટી નક્કી કરશેઅને અલગથી મેરીટ લીસ્ટ બનશે.અને અહી તો માત્ર રજીસ્ટ્રેશન ના નામે ૩૦૦ રૂપિયા ખંખેરવાની વાત થઈ.આજે જયારે મફત શિક્ષણની વાત છે ત્યારે સરકારની બે ધારી નીતી સામે સવાલો ઉઠ્યા છે. આવું ટેકનીકલ કોર્ષમાં કે મેડીકલ કોર્ષમાં હોય એ સમજી શકાય છે જયારે આર્ટ્સ કોમર્સ જેવી કોલેજો ધોરણ ૧૨ ના વર્ગો ઓછાં હોવાને કારણે માંડ સંખ્યા મળે છે.ત્યારે આવી સર્વિસ પોર્ટલ સુવિધા વધારે ગુચવાણો કરશે. આ સર્વિસ પોર્ટલ સામે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સખત વિરોધ ઉઠયો છે.

### જૂનાગઢમાં ખર્ચ નિરીક્ષક શ્રી રજત દત્તાના અધ્યક્ષતામાં

## ચૂંટણી ખર્ચ પર દેખરેખ નિયંત્રણ માટે વિવિધ ટીમની કામગીરી અંગેની તાલીમ કમ સમીક્ષા બેઠક યોજાશે

જૂનાગઢ,તા.૧૩

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અન્વયે જૂનાગઢ સંસદીય મતવિસ્તારના ખર્ચ નિરીક્ષક શ્રી રજત દત્તાના અધ્યક્ષતામાં ચૂંટણી ખર્ચ પર દેખરેખ નિયંત્રણ માટે વિવિધ ટીમની કામગીરી અંગેની તાલીમ કમ સમીક્ષા બેઠક આવતીકાલે કલેક્ટર કચેરી, સભાખંડ ખાતે યોજાશે.

તારીખ ૧૨/૪/૨૦૨૪ ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ નું જાહેરનામું પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. આ જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ ખર્ચને લગત આગળની કામગીરી સરળતાપૂર્વક અને અસરકારક રીતે સમય મર્યાદામાં પૂર્ણ કરી શકાય તે માટે ખર્ચની નિરીક્ષકશ્રીના અધ્યક્ષ સ્થાને 24x7 કંટ્રોલ રૂમ જેવી ચૂંટણી ખર્ચ સાથે સંકળાયેલ વિવિધ ટીમના મુખ્ય અધિકારીઓ સાથે તાલીમ કમ બેઠકનું આયોજન કરવામાં આવેલ છે.

આ બેઠકમાં જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અનિલ રાણાવસિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી હર્ષ પટેલ, તેમજ ચૂંટણીની કામગીરી સાથે જોડાયેલા નોડલ ઓફીસર ઉપસ્થિત રહેશે.

### બોમ્બે હાઈકોર્ટે નીચલી કોર્ટના આદેશને માન્ય રાખ્યો

# 'પત્નીએ બેરોજગાર પતિને ભરણ પોષણ ચૂકવવું જોઈએ...' : બોમ્બે હાઈકોર્ટ

**પત્નીને તેના બેરોજગાર પતિને દર મહિને ૧૦,૦૦૦ નું ભરણપોષણ ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો**



મુંબઈ, તા.૧૩

બોમ્બે હાઈકોર્ટે નીચલી અદાલતના નિર્ણયને માન્ય રાખ્યો છે જેમાં પત્નીને તેના બેરોજગાર પતિને દર મહિને ૧૦,૦૦૦ નું ભરણપોષણ ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ નિર્ણય પરંપરાગત કાનૂની માન્યતાને પડકારે છે જ્યાં પતિને સામાન્ય રીતે પત્નીને ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપવામાં આવે છે. નીચલી કોર્ટના આદેશને પડકારતી પત્નીની અરજીના જવાબમાં હાઈકોર્ટનો આ નિર્ણય આવ્યો છે. મહિલાનો પતિ પણ તબીબી બિમારીઓથી પીડિત છે, તેને ૧૦,૦૦૦નું માસિક ભરણપોષણ ભથ્થું ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તેથી, વૈવાહિક વિવાદની કાર્યવાહી દરમિયાન, જો કોઈ પક્ષ પોતાને જાળવવામાં અસમર્થ હોય, તો તે બીજા પક્ષ પાસેથી ભરણપોષણની માંગ કરી શકે છે. આ કિસ્સામાં, પત્નીને તેના બેરોજગાર પતિને ભરણપોષણ ચૂકવવાનો પ્રારંભિક આદેશ કલ્યાણની એક અદાલત દ્વારા ૧૩ માર્ચ, ૨૦૨૦ ના રોજ જારી કરવામાં આવ્યો હતો. આ સૂચનાને પડકારતાં પત્નીએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે તે ભરણપોષણ ચૂકવવામાં અસમર્થ છે.પત્નીએ કહ્યું- મેં રાજીનામું આપી દીધું છે ખરેખર, પત્નીએ કહ્યું છે કે તેણે બેંકના બ્રાન્ચ મેનેજરના પદ પરથી રાજીનામું આપી દીધું છે, મહિલાએ બેરોજગાર હોવાના તેના દાવાના સમર્થનમાં ૨૦૧૯નો રાજીનામુ પત્ર બતાવ્યું હતું. જો કે નીચલી અદાલતે સ્વીકાર્યું હતું કે પત્ની હોમ લોન ચૂકવી રહી છે અને તેના સગીર બાળકનો ખર્ચ પણ ઉઠાવી રહી છે, તો તેણે આ ખર્ચ કયા સ્ત્રોતથી પૂરો થઈ રહ્યો છે તે વિશે જણાવવું જોઈએ. કલ્યાણની કોર્ટે કહ્યું હતું કે, બેંકમાંથી રાજીનામું આપ્યા પછી પણ પત્ની કમાણી કરતી હતી અને તેની પાસે આવકનો સ્ત્રોત હતો.મામલો વર્ષ ૨૦૧૬નો છે મામલો એવો હતો કે વર્ષ ૨૦૧૬માં પતિએ છૂટાછેડા માટે અરજી કરી હતી. પત્ની અને પતિએ એકબીજા પાસેથી વચગાળાના ભરણપોષણની માંગણી કરતી અરજીઓ કરી હતી, જ્યારે ટ્રાયલ કોર્ટે પત્નીની અરજીને ફગાવી દીધી હતી, તેણે પતિની અરજીને મંજૂરી આપી હતી, જેમાં પત્નીએ પતિને ૧૦,૦૦૦ ની રકમ ચૂકવવાની હતી. ચૂકવણી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. કારણ કે પતિએ કહ્યું હતું કે પત્ની બેંકમાં દર મહિને ૬૫,૦૦૦ જેટલી કમાણી કરતી હતી.

### યોગ્ય પગલાં લેવા યુએસ સરકાર, યુનિ.ને ભારતીય સંગઠનની રજૂઆત

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓના અપમૃત્યુ રોકવા પગલાં લેવા અપીલ

**છેલ્લાં એક મહિનાથી ગુમ થયેલાં એક ભારતીય વિદ્યાર્થીનું શબ અમેરિકાના કલીવલેન્ડ શહેરમાંથી મળી આવ્યું હતું**

વોશિંગ્ટન, તા.૧૩

'અમેરિકામાં ભારતીય મૂળના વિદ્યાર્થીઓની હત્યાઓ અને અપમૃત્યુના બનાવોમાં સતત ચિંતાજનક હદે થઈ રહેલા વધારાને પરિણામે ત્યાં વસતાં ભારતીયો ભયના ઓથાર નીચે જીવી રહ્યાં છે. અમેરિકા સ્થિત મૂળ ભારતીયોના અગ્રણી સંગઠને આ મામલે તાકીદે યોગ્ય પગલાં લેવા અને જવાબદારો વિરુદ્ધ આકરી દાખલારૂપ કાર્યવાહી કરવા માટે અમેરિકન સરકાર, યુનિવર્સિટીઝ તથા વિદ્યાર્થી સંગઠનોને અપીલ કરી છે. ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા એન્ડ ઈન્ડિયન ડાયસ્પોરા સ્ટડીઝ દ્વારા કરાયેલા વિશ્લેષણ અનુસાર, અમેરિકામાં ભારતીય મૂળના વિદ્યાર્થીઓના અપમૃત્યુના બનાવોમાં મુખ્યત્વે ગોળીબારથી થયેલ મૃત્યુ, અપહરણ, સુરક્ષાને લગતી પુરતી જાણકારીના અભાવે પર્યાવરણીય કારણોસર (મોનોકસાઈડ પોઈઝનિંગ, હાયપરથર્મિયા), માનસિક સમસ્યાઓને કારણે આત્મહત્યા, શંકાસ્પદ સંજોગોમાં અકસ્માતને કારણે મૃત્યુ તથા હિંસક અપરાધોનો સમાવેશ થાય છે. FIIDSએ અમેરિકન સત્તાવાળાઓને સુરક્ષાને લગતા શિક્ષણમાં વધારો કરવા, સર્ચ અને બચાવની કામગીરીમાં સુધારો કરવા તથા તેને ઝડપી બનાવવા, સમુદાયિક ઉત્પીડન અંગેના નિયમો વધુ કડક બનાવવા સહિતના પગલાં લેવા અપીલ કરી છે. ૨૦૨૪ની શરૂઆતથી અત્યાર સુધીમાં અમેરિકામાં ભારતીય અને ભારતીય મૂળના ૧૧ વિદ્યાર્થીઓએ અકુદરતી રીતે જીવ ગુમાવ્યો છે. છેલ્લાં એક મહિનાથી ગુમ થયેલાં એક ભારતીય વિદ્યાર્થીનું શબ ચાલુ સપ્તાહે અમેરિકાના ક્લીવલેન્ડ શહેરમાંથી મળી આવ્યું હતું. ગયા સપ્તાહે ઓહાયોમાં ઉમા સત્યા સાઈ ગડ્ડે નામનો એક ભારતીય વિદ્યાર્થી મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. તે પહેલાં મિસોરીના સેન્ટ લુઈસમાં અમરનાથ ઘોષ નામના ૩૪ વષીય શાસ્ત્રીય નૃત્યકારની ગોળી મારી હત્યા કરાઈ હતી. ભારતીયોના અપમૃત્યુ અંગેની માહિતી એકત્ર કરતાં અને બોસ્ટનમાં વસતા ડો. લક્ષ્મી થલંકીના જણાવ્યાં અનુસાર, ભારતીયોના ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓના શંકાસ્પદ મૃત્યુના બનાવોમાં થયેલો વધારો ચિંતાજનક છે. FIIDSએ આ મામલે અમેરિકાના વિદેશ મંત્રાલય, ન્યાય વિભાગ, શિક્ષણ વિભાગ, યુનિવર્સિટીઝ, વિદ્યાર્થી સંગઠનો ઉપરાંત ભારતીય-અમેરિકન સમુદાયનેવિવિધ સૂચનોની યાદી સોંપી હતી.

# દિવ્યધામ વલારડી ખાતે ચૈત્રી નવરાત્રીથી ૧ વર્ષ સુધી અખંડ હોમાંક યજ્ઞનો પ્રારંભ





## શિવકથાકાર પુજયશ્રી ગીરીબાપુએ યજ્ઞમાં આહુતી અર્પણ કરી

(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ, તા.૧૨

જગતજનની માં ભગવતી વેરાઈ માતાજીની પ્રેરણાથી સમસ્ત વઘાસિયા પરીવારના રણખાંભીના સુરાપુરા પાતાદાદાની પ્રેરણાથી દિવ્યધામ ખાતે ચૈત્ર સુદ એકમ એટલે કે ચૈત્રી નવરાત્રીની શુભારંભથી આગામી ૧ વર્ષ સુધી ૨૪ કલાક અખંડ હોમાંક યજ્ઞ યોજાશે.આ યજ્ઞમાં રોજે રોજ ગુજરાતનાં અલગ અલગ ગામોએથી વઘાસિયા પરિવાર એક દિવસ યજ્ઞમાં બેસી માતા વેરાઈને સર્વજન હિતાયની પ્રાર્થના કરી યજ્ઞમાં આહુતી અર્પણ કરશે.

આ ચૈત્રી નવરાત્રીમાં વિશ્વ વિખ્યાત શિવ કથાકાર પુજયશ્રી ગીરીબાપુએ યજ્ઞમાં આહુતી અર્પણ કરેલ. અને સૌ ભકતોને આશિવર્ચન પાઠવી કૃતાર્થ કર્યા હતા. આ મહોત્સવ અંતર્ગત ચકલી બચાવો અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે, જે અંતર્ગત ૩૦૦૦ થી માળાઓનું વિતરણ કરાઈ ચુક્યુ છે. તાજેતરમાં દિવ્યધામ ખાતે ૫૧ કુંડી મહાયાગ યજ્ઞનું આયોજન ફાગણસુદી બીજનાં દિવસે કરવામાં આવ્યુ હતુ. પધારેલ હજારો ભાવીકોએ જળસંસય અને જળસિંચનની જાગૃતી લાવવા જળયાત્રા સ્વરૂપે પાતાદાદાનાં નીજ મંદીરથી યજ્ઞ સ્થળ સુધી યાત્રા યોજી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, દિવ્યધામએ વઘાસિયા પરિવાર દ્વારા માતા વેરાઈની આરાધનાનું તપસ્થલી છે.અહીં સર્વસમાજહીતનાં સાર્વજનિક કાર્યો દ્વારા સેવાકીય પ્રવૃતિઓ થઈ રહી છે. ગુજરાતભરમાંથી લોકો પોતાની શ્રધ્ધા અને આસ્થા સાથે અહીં દેવદર્શન કરવા પધારતા હોય છે, ત્યારે યાત્રીકોની સુખાકારી માટે યાત્રીભવનનું નિર્માણ દિવ્યભવનનાં રૂપે સાકાર થઈ રહ્યુ છે. વલારડી દિવ્યધામ વઘાસિયા પરિવારોમાં એક આસ્થા સાથે શ્રધ્ધાનું બળ પુરૂ પાડનાર કેન્દ્ર બની રહ્યુ છે. અહીં પધારનાર ભાવીકોની મનોકામનાં પુર્ણ થતી હોવાની પ્રતિતી ભાવીકોમાં સાંભળવા મળે છે.

# મોજીલા હનુમાન મંદિર શ્રી રામધામ તપોવન આશ્રમ ખાતે નવગ્રહ શાંતિ અને ૧૦૯ કુંડી શ્રીરામ મહાયજ્ઞ યોજાશે




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૩

ઊનાના ગીરગઢડા તાલુકાના જરગલી ગામના પાટિયા પાસે આવેલ સેકડો લોકો નું આસ્થા નું પ્રતિક મોજીલા હનુમાન મંદિર શ્રી, રામધામ તપોવન આશ્રમ મા મંદિરના સંત અને મહંત શ્રી મદન મોહન મહારાજ (સીતારામ બાપુ) તેમજ પરમ તપસ્વી તપોનીષ્ઠ શ્રી,મહાયજ્ઞ સમ્રાટ પૂ. પાદ. સંતશ્રી અમરદાસજી ત્યાગી બાપુ મહારાજ શ્રી, રામધામ તપોવન આશ્રમ સેવા ટ્રસ્ટ નાગદા ખાચરોજ જિલ્લો ઉજેન મધ્યપ્રદેશની પ્રેરણાથી નવગ્રહ શાંતિ અને રાષ્ટ્રના અને જીવ માત્રના કલ્યાણ માટે આગામી તા. ૧૫/૦૪ને સોમવારથી ૧૦૯ કુંડી શ્રી રામ મહા યજ્ઞ વેદિક શાસ્ત્રી વિધિ વિધાન અનુસાર મહાયજ્ઞનો પ્રારંભ સવારે ૮,૦૦ કલાકેથી બપોરના ૧.૦૦ સુધી કરવામાં આવશે. યજ્ઞના દિવસો દરમ્યાન બપોરે ૨થી ૬, દરમ્યાન શ્રી રામચરિત માનસકથા જ્ઞાનયજ્ઞ તેમજ અખંડ સંકીર્તન શ્રી, રામ નામ મહામંત્ર, ૨૧/૪ ના રોજ યોજાશે. તેમજ મહા શિવાઅભિષેક, રૂદ્ર પાઠ પૂજન, મહમૃત્યંજય મંત્ર જાપ, યોજાશે. યજ્ઞની પૂર્ણાહુતિ તા.૨૩/૪ને ને મંગળવારે કરાશે. બીડા હોમ, આરતી, મહા ભોજન, ભંડાર, પ્રસાદ યોજાશે તેમજ આ મહાયજ્ઞમાં ધર્મ પ્રેમી લોકોએ તન, મન અને ધનથી સહકાર આપવા ધાર્મિક ઉત્સવમાં લાભ લેવા મહંત શ્રી મદન મોહન મહારાજ (સીતારામ બાપુ) અને શ્રી, મોજીલા હનુમાન મહાયજ્ઞ સેવા સમિતિ અને સદગુરૂ ભકત પરિવાર ધોળીવાવ સેવકગણએ જાહેર નિમંત્રણ આપેલ છે. યજ્ઞમાં વિવિધ સેવા આપવા માટે શ્રી મદન મોહન મહારાજ (સીતારામ બાપુ) ના મોબાઈલ નંબર ૯૭૩૭૫૩૦૫૨૬નો સંપર્ક કરવા જણાવેલ છે.

# ખંભાળિયામાં લાયન્સ કલબના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાયો





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયાના નગર ગેઈટ વિસ્તારમાં આવેલી શેઠ કાનજી ચતુ ધર્મશાળા ખાતે તાજેતરમાં સ્વ. રામભા ખીમભા બાબરીયા પરિવારના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે લોહાણા મિત્ર મંડળ અને શિવમ સોસાયટી ૨ (શિવમ ગ્રુપ) દ્વારા આયોજિત આ રક્તદાન કેમ્પમાં ૭૦ બોટલ રક્ત એકત્ર થયું હતું. જે જામનગરની બ્લડ બેન્કને અર્પણ કરવામાં આવ્યું હતું. દરેક રક્ત દાતાઓને આકર્ષક સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. અહીંના સેવાભાવી યુવાન પંકજ બાબરીયા તેમજ અન્ય સહયોગી કાર્યકરોની દ્વારા આયોજિત આ કેમ્પમાં ૯૧ મી વખત રક્તદાન કરવા સબબ પંકજભાઈ બાબરીયાની આ સેવા પ્રવૃત્તિને ઉપસ્થિત સૌ કોઈએ બિરદાવી હતી. આ સમગ્ર સેવા પ્રવૃત્તિ માટે મુખ્ય કાર્યકર પંકજભાઈ બાબરીયા, દિનેશભાઈ બોડા, મહેશભાઈ નકુમ સાથે લાયન્સ કલબના પ્રમુખ નિમિષાબેન નકુમ, હાડાભા જામ, ધીરેનભાઈ બદીયાણી, યોગેશભાઈ મોટાણી, વિગેરે ઉપરાંત લોહાણા મિત્ર મંડળના પ્રમુખ પ્રફુલભાઈ દાસાણી, પરેશભાઈ સામાણી, વિગેરે સાથે શિવમ સોસાયટીના કાર્યકરો દિનેશભાઈ બોડા તેમજ તેમની ટીમ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી. આ આયોજનમાં મોટી સંખ્યામાં આગેવાનો, હોદ્દેદારો તેમજ કાર્યકરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સેવાકાર્યમાં સહયોગી દરેક રક્તદાતાઓનો આયોજકો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ખંભાળિયામાં જિલ્લા કલેક્ટર દ્વારા ચૂંટણી સંદર્ભ વિવિધ સંસ્થાના આગેવાનો સાથે ખાસ બેઠક યોજાઈ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી ચુંટણીના મતદાનમાં મહત્તમ લોકો આ મહાપર્વમાં જોડાય અને તા. ૭ મેના રોજ ૧૦૦ ટકા મતદાન કરે તે હેતુથી ખંભાળિયાની જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લાના વિવિધ એસોસિયેશનના હોદ્દેદારો, આગેવાનો સાથે અહીંના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર જી.ટી. પંડ્યા દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી જી.ટી. પંડ્યાએ જણાવ્યું હતુંકે, જિલ્લામાં ૧૦૦ ટકા મતદાન થાય તે માટે વિવિધ એસોસિયેશન તથા સંસ્થાઓ પોતાના કામદારોને મતદાનના દિવસે નિયમાનુસાર રજા આપે તે ઈચ્છનીય છે. હોટલ, પર્યટન સ્થળ, પેટ્રોલ પંપ, મોલ વિગેરે સ્થળોએ સ્વૈચ્છિક રીતે અપાતી વિવિધ પ્રકારની જાહેરાતો પણ મહત્તમ મતદાન અને સુદ્રઢ લોકશાહી માટે પ્રેરણારૂપ છે અને મતદારોને પ્રોત્સાહન પૂરું પાડે છે. બેઠકમાં ઉપસ્થિત સંસ્થાઓના પ્રતિનિધિઓએ પણ પૂરતો સહયોગ આપવા તેમજ જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટેના તમામ પ્રયાસો હાથ ધરવા હકારાત્મક વલણ દાખવ્યું હતું. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે.ડી. પટેલ, જિલ્લાના વેપારી એસોસિયેશન, હોટેલ એસોસિયેશન, પેટ્રોલ પંપ એસોસિયેશન, મેડિકલ એસોસિયેશન વિગેરેના પ્રતિનિધિઓ, શિવરાજપુર બીચના મેનેજર તથા સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયાની ગ્રામ્ય શાળાના બાળકો માટે બ્લડ ગ્રુપીંગ કેમ્પ યોજાયો



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા શહેર નજીક આવેલા શક્તિનગર વિસ્તારની તાલુકા શાળા નંબર ૫ ખાતે અહીંની જાણીતી સેવા સંસ્થા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ઉપક્રમે તાજેતરમાં બ્લડ ગ્રુપીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત શાળામાં અભ્યાસ કરતા કુલ ૨૧૮ જેટલા બાળકોના ટેસ્ટ કરાયા હતા. આ કેમ્પ માટે સંસ્થાના અગ્રણી કાર્યકર શૈલેષભાઈ કાનાણી, પ્રોજેક્ટ ચેર પર્સન નંદન સીમરીયા, મિલન સાયાણી સહિતની ટીમએ જહેમત ઉઠાવી હતી.



પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન

પાવર કારનું ઓપરેટિંગ, એસ્કોર્ટિંગ અને ટ્રીપ મેન્ટેનન્સ

નં. DRM/EL/ET/BVP/2023-24/01 તારીખ: 04/04/2024; ડિવિઝનલ રેલવે મેનેજર (EL), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે: અનુ. નં. (1) ઈ-ટેન્ડર નં. BVP-EL-P-01-2024-25; કામનું નામ: ભાવનગર ડિવિઝન – 3 વર્ષના સમયગાળા માટે ભાવનગર ડિવિઝનની પાવર કારનું ઓપરેટિંગ,એસ્કોર્ટિંગ અને ટ્રીપ મેન્ટેનન્સ; ટેન્ડર મૂલ્ય: ₹ 52054633; ઈએમડી: ₹ 410300.00; બિડિંગ પ્રારંભની તારીખ: તા. 16/04/2024; બિડિંગ બંધ થવાની તારીખ: તા. 30/04/2024 ઓથોરાઈઝ્ડ રેલવે વેબસાઈટ: www.ireps.gov.in પર તા. 04/04/2024 ના રોજ અપલોડ કરેલ છે. 194

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# શ્રી કષ્ટભંજનદેવ દાદાને પપૈયાનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો



(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૧૩

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૩-૦૪-૨૦૨૪ને શનિવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને પપૈયાનો અન્નકૂટ ધરાવી સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી તથા સવારે ૦૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી.જેના દર્શન આરતીનો લાભ હજારો હરિભક્તો લઈ ધન્યતા અનુભવી હતી.

### ગીરસોમનાથના સતાયુ મતદાર માડી કડેધડે

# હીરાબા બલસારા કહે છે, લોકશાહીમાં મતદાન મહાપર્વ છે હું મતદાન કરવા ખાસ જૂનાગઢથી વેરાવળ આવીશ



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૩

ગીર સોમનાથ જીલ્લા જૂનાગઢ સંસદીય મત વિસ્તારની બેઠકનું ૭મી મેના રોજ મતદાન છે વેરાવળના ડાભોર રોડ ઉપર ક્રિષ્ના પેલેસમાં રહેતા હતા તેવા હીરાબાની ઉંમર આજે ૧૦૦ વર્ષ ઉપરાંત છે તેવા સતાયુ માડી હાલ જૂનાગઢ ખાતે પરિવારમાં ગયા છે તેઓ કહે છે હિન્દુસ્થાન આઝાદ થયું ત્યારથી નગરપાલીકા, ધારાસભા, લોકસભાની ચુંટણીઓમાં મેં મતદાન કરેલ છે. આજે પણ તેઓ ઘરમાં હાલી ચાલી શકે છે.

બેઠા બેઠા વાસણ પણ સાફ કરી શકે છે. તેઓએ નવા અને તમામ મતદારોને ખાસ અપીલ કરતા કહ્યું છે કે, તમે બધાય મતદાન તો અવશ્ય કરજો જ, હું હાલ જૂનાગઢ છું પણ મતદાન કરવા સહપરિવાર મતદાન દિવસે વેરાવળ પહોંચી જશું.

માડીને લોકશાહીનું પર્વ આવ્યાનો આનંદ ચહેરા ઉપર છલકાતો હતો. શ્રવણશક્તિ પણ સાવ ઓછી છે પરંતુ મતદાન કરવાનું બટન દબાવી શકે તેવી મજબુત મન અને ધન શક્તિ છે.

# ખંભાળિયામાં રેસિંગ બાઈકના શોખીન બે લવર મુંછીયાઓએ કરી બાઈકની ચોરી: એલસીબી પોલીસ દ્વારા આરોપીઓ ઝબ્બે



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા પંથકમાં રહેતા બે યુવાનોને રેસિંગ બાઈકનો શોખ લાગતા તેઓએ થોડા દિવસ પૂર્વે કરેલી બાઈક ચોરી પ્રકરણમાં એલસીબી પોલીસે ખંભાળિયા તાલુકાના ભરાણા ગામના બંને આરોપીઓને દબોચી લીધા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ જિલ્લામાં બાઈક ચોરી સહિતના ગુનાઓનો ભેદ ઉકેલવા માટે આપવામાં આવેલી સૂચનાને અનુલક્ષીને સ્થાનિક ગુના શોધક શાખાના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ની ટીમ દ્વારા આ અંગે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સિસની મદદથી કામગીરી કરવામાં આવી હતી. જેને સંદર્ભે એલ.સી.બી. સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. સજુભા જાડેજા, જયદેવસિંહ જાડેજા તથા જેસલસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના ભરાણા ગામે રહેતા સંધી સાદિક સલીમ ભટ્ટી (ઉ.વ. ૧૯) અને હુસેન અકબર ગંઢાર (ઉ.વ. ૨૦) નામના બે શખ્સોને દબોચી લઈ અને તેઓની આગવી ઢબે પૂછપરછ કરતા આ શખ્સો દ્વારા થોડા દિવસ પૂર્વે કલ્યાણપુર તાલુકાના ગાગા ગામેથી એક ધાર્મિક કાર્યક્રમ દરમિયાન પાર્ક કરવામાં આવેલા એક મોટરસાયકલની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

આ બાઈકની ચોરી કરીને આરોપીઓ દ્વારા તેના તમામ સ્પેરપાર્ટ અલગ કરી દેવામાં આવ્યા હતા. બંને આરોપીઓ મોટરસાયકલની રેસિંગના શોખ ધરાવતા હોય, તેથી તેઓએ ગાગા ગામેથી ઉપરોક્ત વાહનની ચોરી કરી, તેના સ્પેરપાર્ટ અલગ અલગ કરી અને રેસિંગ બાઈક મોડીફાઈડ કરી અને તે મોડીફાઈડ બાઈકનો રેસિંગમાં ઉપયોગ કરવાનો હોવા અંગેની કબુલાત પોલીસ સમક્ષ આપી હતી.આ પ્રકરણમાં પોલીસે બાઈકના રૂ. ૧૫,૦૦૦ ની કિંમતના સ્પેરપાર્ટ તેમજ રૂપિયા ૫,૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી, કુલ રૂ. ૨૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. ઉપરોક્ત બંને આરોપીઓનો કબજો વાડીનાર પોલીસને સોંપવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યવાહી એલસીબીના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, આકાશ બારસિયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, અરજણભાઈ ચંદ્રવાડીયા, સજુભા જાડેજા, જયદેવસિંહ જાડેજા, વિપુલભાઈ ડાંગર, જેસલસિંહ જાડેજા, ગોવિંદભાઈ કરમુર, ડાડુભાઈ જોગલ, સચિનભાઈ નકુમ, કૃપાલસિંહ ચૌહાણ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

**મામલતદાર, જૂનાગઢ (શહેર)ની કોર્ટમાં,**

તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં. જન્મ-મરણ નોંધણી કેસ નં. ૪૫/૨૦૨૪

**:: જાહેર નોટીસ ::**

શ્રી હામદાણી સકિલભાઈ લતીફભાઈ
રહે. મછીયારવાડા, અલહરમ એપાર્ટમેન્ટ પાસે,
નરસિંહ મહેતાના ચોરા પાસે, જૂનાગઢ... વાદી

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
મહાનગરપાલિકા, જૂનાગઢ
તા. જૂનાગઢ (શહેર) જીલ્લો-જૂનાગઢ...... પ્રતિવાદી

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી હામદાણી સકિલભાઈ લતીફભાઈ તેમનાં દાદીશ્રી મર્હૂમ ખતીજાબાઈ મુસાભાઈ હામદાણી કે જેઓનું તા. ૨૧-૦૧-૧૯૯૮નાં રોજ જૂનાગઢ મુકામે અવસાન થયેલ છે. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ મહાનગરપાલિકા, જૂનાગઢની કચેરીએ કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીનાં અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેથી લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તારીખ ૦૮ માહે એપ્રિલ-૨૦૨૪ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સહી : અવાચ્ય
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જૂનાગઢ (શહેર)

### વોકળાના ગેરકાયદેસર દબાણો જેમના તેમ, પ્રોટેકશન દિવાલ બની નથી અને

# ચોમાસા આડે માત્ર ત્રણ મહિનાની જ વાર છતાં જૂનાગઢની જનતા ભગવાન ભરોસે

## જળહોનારતની ઘટનાને એક વર્ષ પુરૂ થવામાં છે પરંતુ આ સમયગાળામાં કથિત દબાણો દુર કરવાની કે સુરક્ષા માટેના કોઈ પગલા લેવાયા નથી, જનતા વ્યથિત




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ લોકસભાની બેઠક માટેનું પ્રચાર પડઘમ જોરશોરથી ચાલી રહ્યું છે અને નજીકના સમયમાં ચૂંટણી યોજાઈ રહી છે અને રાજકીય પક્ષો તેમજ સંબાંધિત તંત્ર ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત છે. દરમ્યાન ચોમાસાને આડે હવે માત્ર ત્રણ મહિના જ બાકી રહયા છે ત્યારે ફરીવાર જળપ્રલય જેવી ઘટના ન બને તે માટે જનતા ઈશ્વરને પ્રાર્થના કરી રહી છે. કારણ કે, ગત વર્ષે જળ હોનારત જૂનાગઢમાં સર્જાઈ હતી અને જેને એક વર્ષનો સમયગાળો જુન માસમાં પુરો થવામાં છે. ત્યારે તકેદારી એટલે કે ગેરકાયદેસર વોકળાના દબાણો દુર કરવાની નક્કર કામગીરી હજુ સુધી થઈ નથી. તેમજ પ્રોટેકશન દિવાલ પણ બની નથી ત્યારે જૂનાગઢની જનતાની સ્થિતિ હાલ રામ ભરોસે હોવાનું મનાઈ છે અને ચોમાસા પહેલા જ તમામ કાર્યો સંબાંધિત તંત્ર દ્વારા પુરા કરી લેવામાં આવે તેવી બુલંદ માંગણી પ્રજાજનોની રહેલી છે.

ચૈત્ર માસ એટલે ચોમાસા માટેના દનીયાનો મહીનો ગણાય છે. આકરા તાપ વચ્ચે ચૈત્રી દનીયા તપે અને ચોમાસાના વરસાદનું બંધારણ બંધાય છે. ચૈત્ર મહીનો પુરો થતા વૈશાખ માસમાં ચોમાસાના ભણકારા વાગવા મંડે અને જેઠ-અષાઢ એટલે કે જુન, જુલાઈમાં ચોમાસાનો પ્રારંભ થઈ જાય આપણે ત્યાં ૧૫ જુનથી ચોમાસું શરૂ થઈ જતું હોય છે. ત્યારે ચોમાસું નજીક આવી રહયું છે ત્યારે જૂનાગઢની જનતા ચિંતાગ્રસ્ત બની છે. કારણ કે, ગત વર્ષે બનેલી જળહોનારતમાં જેને મુખ્ય જવાબદાર ગણાય છે તેવો વોકળા ઉપરના ગેરકાયદેસર દબાણો યથાવત છે અને પ્રોટેકશન દિવાલ પણ બની નથી. આવા સંજોગોમાં ચોમાસાંમા જોરદાર વરસાદ ત્રાટકે તો ફરી એકવાર જલપ્રલય જેવી ઘટના બની શકે તેમ છે. તેવો ભય જોવા મળી રહ્યો છે. ગત વર્ષે ૨૦, ૨૧ જુન અતિ ભારે વરસાદને પગલે ભારે જળહોનારત સર્જાણી હતી અને લોકોના જીવ પડીકે બંધાયા હતા. કરોડોનું નુકશાન થયું હતું. લોકોએ જળહોનારત સર્જવાના કારણમાં વોકળા ઉપરના ગેરકાયદેસર બાંધકામો અને દબાણોને કારણરૂપ ગણાવી આવા દબાણો દુર કરવા મુખ્યમંત્રી સુધી ફરીયાદ પહોંચાડી હતી. આ ઉપરાંત અગ્રણીઓએ પણ રજુઆત કરી હતી અને મુખ્યમંત્રીએ વોકળાના દબાણો દુર કરવાની કામગીરી પુર્ણ કરવામાં આવશે અને મનપા તંત્રને સુચના પણ આપી હતી. તત્કાલીન કમિશ્નરને પણ સુચના અપાઈ હતી. પરંતુ કાળવાના દબાણો દુર કરવાની કામગીરીના ભાગરૂપે નાના માણસોના ઝુંપડા તોડી પડયા અને ઘર વિહોણા કરી દેવામાં આવ્યા છે પરંતુ બાકીના દબાણો એમના એમ છે. તાજેતરમાં જૂનાગઢની મુલાકાતે આવેલા મુખ્યમંત્રીએ તમારા પ્રશ્નોથી હું અવગત છું અને વોકળાનો પ્રશ્ન હલ થઈ જશે તેમ આગેવાનોની બેઠકમાં જણાવ્યું હતું. હાલ કાળવાના વોકળા પાસે આવેલ બેઠા પુલમાંથી કાપ દુર કરવાની કામગીરી ચાલે છે. પરંતુ જે ગેરકાયદેસર દબાણોનો ખડકલો છે તેની સામે કોઈ કાર્યવાહી થતી નથી. તો બીજી તરફ પુર સામે પ્રોટેકશન દિવાલ બનાવવી જોઈએ તે પણ હજુ બની નથી અને આવા સંજોગોમાં ફરીવાર ચોમાસામાં જોરદાર અતિ વરસાદ થાય તો હાલત ખરાબ થઈ જાય તેવો ભય સેવાઈ રહ્યો છે. હાલ લોકસભાની ચૂંટણીનો માહોલ છે અને લોકસભાની ચૂંટણી બાદ નજીકના સમયમાં જ મનપાની ચૂંટણી આવવાની છે. ત્યારે આગામી ચોમાસું ફરી એકવાર જૂનાગઢવાસીઓ માટે ગંભીર પરિસ્થિતિ ન સર્જે તેવી પ્રાર્થના ઈશ્વરને કરવામાં આવી રહી છે. હાલ તો જૂનાગઢવાસીઓ રામ ભરોસે છે.ચોમાસાને આડે માત્ર ત્રણેક મહિનાનો સમય છે ત્યારે ચોમાસું શરૂ થાય તે પહેલા તંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે તકેદારીના સંપુર્ણ પગલા લેવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

# જૂનાગઢ લોકસભાની ચૂંટણી માટે પ્રથમ દિવસે ૩૨ અને માણાવદર પેટા ચૂંટણી માટે ૨૪ ફોર્મ મળી કુલ ૫૬ ફોર્મનો ઉપાડ થયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ લોકસભા અને માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ એકપણ ઉમેદવારી ફોર્મ ભરાયું નથી પરંતુ કુલ ૫૬ ફોર્મ ઉપડયા છે. જેમાં લોકસભાની ચૂંટણી માટે ૩૨ ફોર્મ અને પેટા ચૂંટણી માટે ૨૪ ફોર્મનો ઉપાડ થયો છે. લોકસભા ચૂંટણી માટે ગઈકાલથી ચૂંટણી તંત્ર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જેમાં ગઈકાલથી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. આગામી તા.૧૯ એપ્રિલ સુધી નામાંકન ભરવાની અંતિમ તારીખ છે. જયારે ૨૦ એપ્રિલને શનિવારે કુલ ભરાયેલા નામાંકનની ચકાસણી કરવામાં આવશે.

જયારે તા.૨૨ એપ્રિલને સોમવારે ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ હોય તે દિવસે ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ બની જશે. જયારે તા.૭ મે મંગળવારે મતદાન અને તા.૪ જુનને મંગળવારે મતગણતરી કરવામાં આવશે. ગઈકાલે ફોર્મ ભરવાના પ્રથમ દિવસે જૂનાગઢ લોકસભા ચૂંટણી માટે કુલ ૯ વ્યક્તિએ કુલ ૩૨ ફોર્મ ઉપાડયા છે. જેમાં ભાજપના બે વ્યકિતએ ૧૦ ફોર્મ ઉપાડયા છે. તો કોંગ્રેસના બે વ્યકિતએ ૮ ફોર્મ ઉપાડયા છે. લોકસભાની ચૂંટણી લડવા ભાજપ-કોંગ્રેસ સિવાય અને પક્ષો પણ મેદાનમાં છે. જેમાં લોગ પાર્ટી તરફથી એક વ્યકિતએ પાંચ ફોર્મ ઉપાડયા છે. તો સત્યવાદી રક્ષક પાર્ટી તરફથી એક વ્યકતિએ બે ફોર્મ અને બહુજન સમાજ પાર્ટી તરફથી એક વ્યકિતએ પાંચ ફોર્મ અને બે વ્યકિતએ અપક્ષ તરીકે ફોર્મ ઉપાડયું છે. જયારે માણાવદર વિધાનસભા ચૂંટણી માટે ગઈકાલે પ્રથમ દિવસે કુલ ૮ વ્યકિતએ ૨૪ ફોર્મ ઉપાડયા છે.

જેમાં ભાજપ તરફથી બે વ્યકિતએ ૮ ફોર્મ, કોંગ્રેસ તરફથી બે વ્યકિતએ ૮ ફોર્મ ઉપાડયા છે. જેની સામે અન્ય પક્ષોની વાત કરીએ તો લોગ પાર્ટી તરફથી એક વ્યકિતએ પાંચ ફોર્મ અને ત્રણ અપક્ષોએ ત્રણ ફોર્મ ઉપાડયા છે. આમ પેટા ચૂંટણી માટે કુલ ૨૪ ફોર્મ ઉપડયા છે અને ૧૯ તારીખ સુધીમાં હજુ પણ વધુ ફોર્મ ઉપડશે તેમ મનાઈ છે.

# જૂનાગઢમાં કેફી પીણું પીધેલી હાલતમાં ઈકો ગાડી ચલાવતા શખ્સ પાસેથી છરી ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેરના વૈભવ ચોક તરફથી એસટી સર્કલ તરફ જવાના માર્ગ ઉપરથી એક ઈકો ગાડી કેફી પીણું પીધેલી હાલતમાં ચલાવવા સબબ એકને ઝડપી લેવામાં આવેલ છે અને તપાસ કરતા છરી પણ મળી આવી છે અને તેના વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવ અંગે જૂનાગઢ શહેર ટ્રાફિક શાખાના પોલીસ કોન્સ્ટેબલ ગોપાલભાઈ ખીમાણંદભાઈએ જાતે ફરિયાદી બનેલ છે અને માણાવદરના ગૌતમનગર ખાતે જૂનાગઢ રોડ ઉપર રહેતા ધનરાજભાઈ દુર્લભભાઈ પરમાર(ઉ.વ.૨૫)ની સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરપીએ પોતાના હવાલાવાળી ઈકો ગાડી જેના રજી.નં. જીજે-૦૩-એચઆર-૨૯૪૮ની હોય તેની કિંમત આશરે રૂા.૩,૦૦,૦૦૦ કેફી પીણું પીધેલી હાલતમાં ચલાવી મળી આવી તેમજ કારના આગળના ભાગે ડેસ્કબોર્ડ ખોલી જોતા તેની અંદર એક કાળા કલરના રેગ્જીન વાળા કવરમાં એક કાળા કલરના પ્લાસ્ટીકના હાથામાં સ્ટેન્લે સ્ટીલની ફીટ કરેલી એક બાજુ ધારવાળી છરી જોવામાં આવેલ તે સ્ટેન્લે સ્ટીલની છરી ઉપર અંગ્રેજીમાં કોલ્બીયા લખેલ છે જે મળી આવેલ છરી રાખી જીલ્લા મેજી. જૂનાગઢના હથિયાર બાંધી જાહેરનામાનો ભંગ કરી જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા આરોપી વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે અને બી ડીવીઝન પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# જૂનાગઢમાં અહીંથી કેમ નીકળે છે તેમ કહી માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાં ચિતાખાના ચોક પાસે હેઠાંણ ફળીયા નજીક બનેલા બનાવમાં તું કેમ અહીંથી નીકળે છે તેમ કહી માર માર્યો હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે સાફીનભાઈ સબીરભાઈ ખોખર(ઉ.વ.૨૨) રહે.અજંટા ટોકીઝ, ફિલ્ટર પ્લાન્ટ પાસે, જૂનાગઢ વાળાએ આ કામના આરોપી મોઈનભાઈ કાલવાણી, ફેઝલભાઈ યુસુફભાઈ તેમજ બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદી પોતાનું મોટરસાઈકલ લઈને ચિતાખાના ચોકમાં જતા હતા ત્યારે આરોપીઓએ ફરિયાદીને હેઠાંણ ફળીયા મસ્જીદ પાસે રોડ ઉપર રોકી તું કેમ અહીંથી નીકળે છે તેમ કહી આ બંને આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ અને આરોપી નં-૧ મોઈનભાઈ કાલવાણીએ મુંઢ માર મારી ફરિયાદીના કપાળે ઈજા કરી તેમજ આરોપી નં-૨ ફેઝલભાઈ યુસુફભાઈએ પાઈપથી ફરિયાદીના ડાબા પગના ગોઠણના ભાગે માર મારી ઈજા પહોંચાડી તેમજ અન્ય બે અજાણ્યા ઈસમોએ ફરિયાદીને ઢીકાપાટુનો માર માર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૨૩, ૧૪૪, જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.એસ. બાબરીયા ચલાવી રહ્યા છે.

### માવઠાની આગાહી વચ્ચે પવનના સૂસવાટા વચ્ચે

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં તાપમાનનો પારો ઉચકાતા ગરમી યથાવત

જૂનાગઢ ૧૩

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે સવારે પવનના સૂસવાટા ફુંકાયા હતા અને આછા વાદળા છવાઈ ગયા હતા. સર્વત્ર મહતમ તાપમાનનો પારો ઉંચે ચડતા ગરમી બરકરાર છે.

વાતાવરણ વાદળછાયું થઈ જતાં સોરઠમાં લઘુતમ તાપમાનનો પારો સ્થિર રહ્યો હતો. બીજી તરફ ભેજનું પ્રમાણ વધતા બફારો વધ?યો હતો. હિટવેવને બ્રેક લાગતા શુક્રવારે સવારે જૂનાગઢ શહેરનું લઘુતમ તાપમાન ૨૫.૩ ડિગ્રી રહ્યા બાદ શનીવારની સવારે લઘુતમ તાપમાનનો પારો સ્થિર રહીને ૨૪.૪ ડિગ્રી નોંધાયું હતું જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૮૦ ટકા થઈ જતાં બફારો વધ્યો હતો. બીજી તરફ ૧૦ એપ્રિલ બુધવારના રોજ સિઝનનું સૌથી ઊંચું ૪૦.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું પરંતુ આ પછી તાપમાનમાં ક્રમશઃ ઘટાડો શરૂ થતા શુક્રવારે પારો નીચે ઉતરીને ૩૭.૯ ડિગ્રીએ આવી ગયો હતો. સોરઠનાં મહતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે ત્યારે જૂનાગઢ કળષિ યુનિવર્સિટીને હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર જિલ્લામાં તા. ૧૩ થી ૧૭ એપ્રિલ ૫ દિવસ દરમિયાન મુખ્યત્વે આકાશ ચોખ્ખું અંશત વાદળછાયું રહેશે. આ ૫ દિવસ દરમિયાન વરસાદની શકયતા નહિવત છે. પ્રતિ કલાકે પવનની ઝડપ ૧૫ થી ૧૭ કિલોમીટર રહેવાની શકયતા રહેવાની શકયતા છે. આ સમયગાળામાં મહત્તમ તાપમાન ૩૮ થી ૩૯ ડિગ્રી સેન્ટિગ્રેડ રહેશે. જ્યારે લઘુતમ તાપમાન ૨૩ થી ૨૫ ડિગ્રી સેન્ટીગ્રેડ રહેવાની સંભાવના છે.

# સોશિયલ મીડીયામાં પેન્ડીંગ કેસોનાં મામલે ખોટી માહિતીથી સુપ્રિમકોર્ટ નારાજ : કોર્ટનાં તિરસ્કાર સબબ કાર્યવાહી હાથ ધરી

નવી દિલ્હી તા.૧૩

અદાલતમાં પેન્ડીંગ કેસોને લઈને સોશિયલ મીડિયામાં ખોટા તથ્યો રજુ કરાતા હોવાના મામલે સુપ્રીમ કોર્ટે ચિંતા સાથે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ જરાપણ સહન નહીં કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટના જસ્ટીસ અનિરુદ્ધ બોસ અને બેલા એમ.ત્રિવેદીની પીઠ ફેસબુક પર કરવામાં આવેલી પોસ્ટને ધ્યાનમાં લઈ તેની સામે અદાલતની અવગણનાની કાર્યવાહી કરી દીધી છે. ખરેખર તો તે ફેસબુક પોસ્ટમાં લખવામાં આવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે તેના પક્ષમાં નિર્ણય આપ્યો હતો જયારે હકીકત એ હતી કે કોર્ટ કાર્યવાહી પુરી થયા બાદ નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. એટલે અદાલતમાં કેસ પેન્ડીંગ રહ્યો છે.

સુપ્રિમ કોર્ટે આ પોસ્ટ પર ચિંતા જાહેર કરતા કહ્યું હતું કે આ ગંભીર ચિંતાનો વિષય છે. આજકાલ સોશિયલ મીડીયાનો દુરુપયોગ ઘણો થઈ રહ્યો છે. કોર્ટમાં પેન્ડીંગ પડેલા કેસને સોશિયલ મીડીયા પર ટિપ્પણી અને પ્રતિક્રિયાઓ આવી રહી છે તે અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અધિકારની આડમાં અદાલતના અધિકારોને નબળુ પાડવાના વિચારથી કરવામાં આવેલી હોય છે.

સુનાવણી કરતા સુપ્રિમ કોર્ટે સંકેત આપ્યો હતો કે કોઈપણ લોકોને ગેરમાર્ગે દોરવા માટે તથ્યોને વિકૃત કરીને અને કાર્યવાહીના ખરા તથ્યોમાં ખુલાસો ન કરીને સોશિયલ મીડીયા પર ટિપ્પણી કે સંદેશ પોસ્ટ કરવાના અધિકારનો દાવો ન કરી શકે.

# કામધંધાની મંદીને કારણે જૂનાગઢ કાળવા ચોકમાં ઝેરી દવા પી જતાં યુવાનનું રાજકોટ ખાતે સારવાર દરમ્યાન મૃત્યું

જૂનાગઢ તા. ૧૩

જુનાગઢમાં દાતાર રોડ પર કામદાર સોસાયટીમાં રહેતો રવિ અરૂણભાઈ પટણી (ઉ.વ.૩૩) નામનો યુવાન કાળવા ચોકમાં જાહેર શૌચાલય પાસે ઝેરી દવા પી જતાં સારવાર માટે જુનાગઢ હોસ્પીટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવતાં હોસ્પીટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ નીકોલા સહિતે જુનાગઢ પોલીસને જાણ કરી હતી.રવિ બે બહેનનો એકનો એક મોટો ભાઈ છે અને સંતાનમાં એક પુત્ર તથા એક પુત્રી છે. તે પ્લાસ્ટર કામની મજૂરી કરે છે. હાલમાં કામધંધો ચાલતો ન હોય કંટાળીને પગલુ ભર્યાનું જણાવાયું હતું.

# જૂનાગઢમાં જીલ્લા રજીસ્ટાર મંડળીઓની જુની કચેરીમાંથી રૂા.૫૧૦૦ની ચીજવસ્તુની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાં દિવાનચોક ખાતે જીલ્લા રોજગાર કચેરીના બાજુના રંગમહેલ બિલ્ડીંગમાં આવેલ જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળની જુની કચેરીમાંથી ચોરીનો બનાવ બનેલ છે.

આ બનાવ અંગે હસમુખભાઈ બાબુભાઈ કમાણી પટેલ(ઉ.વ.૫૭) રહે.શ્રીલક્ષ્મી પેલેસ, બ્લોક નં-૨૦૧, ઝાંઝરડા મેઈન રોડ, ખાખીનગર, જૂનાગઢ વાળાએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના કોઈ અજાણ્યા ચોર ઈસમે દિવાન ચોકમાં આવેલ રંગમહેલ બિલ્ડીંગમાં આવેલ જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓની જુની કચેરીની બારીઓ તોડી અંદર પ્રવેશ કરી કચેરીમાં લગાડેલ પંખા નંગ-૧૨ જેની કિ.રૂા.૨૪,૦૦ તથા ટયુબ લાઈટ નંગ-૧૨ જેની કિ.રૂા.૧૨૦૦ તથા વોટર કુલરનું કંમ્પેસર કિ.રૂા.૧૫૦૦ તથા કચેરીનું ઘણું રેકર્ડ મળી કુલ કિ.રૂા.૫૧૦૦ની ચીજ વસ્તુની ચોરી કરી લઈ જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં ક્રિકેટ મેચ ઉપર જુગાર રમાડતા ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના જોષીપરા પાદર ચોકમાં જીલ્લા પંચાયત નીચે જાહેરમાં ક્રિકેટ મેચ ઉપર જુગાર રમાડતા શખ્સને પોલીસે ઝડપી લીધેલ છે. બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ કરશનભાઈ ગોવિંદભાઈએ શની મહેશભાઈ નથવાણી (ઉ.વ.૩૭) રહે.વ્રજહરી ફલેટ નં-૨૦૩, હરીરામબાગ સોસાયટી, બોર તળાવ રોડ, ભાવનગર વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ જાહેરમાં પોતાના એંડ્રોઈડ મોબાઈલ ફોન નંગ-૧ કિ.રૂા.૫૦૦૦માં આઈડી દ્વારા આઈપીએલ ૨૦૨૪ ક્રિકેટ મેચ લખનઉ તથા દિલ્હીની મેચમાં રનફેર ભાવ તથા સેસનના સોદા કરી રૂપીયાની હારજીતનો જુગાર રમી મોબાઈલ ફોન નંગ-૨ કુલ કિ.રૂા.૫૫૦૦ના મુદામાલ સાથે પકડાય જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા બી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં આધેડનું ઝેરી દવા પી જતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાં ઝેરી દવા પી જતા આધેડનું મૃત્યું થયાનો બનાવ પોલીસમાં નોંધાયેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢના સુરેશભાઈ નાનાલાલ અટારા(ઉ.વ.૫૮) છેલ્લા પચીસેક વર્ષથી તેમને માનસિક બિમારી હોય અને જેની સારવાર પણ ચાલું હોય તેઓ પોતાની બિમારીથી અથવા અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા તેઓનું મૃત્યું થયું છે. જે અંગેની જાણ પોલીસને કરવામાં આવતા સી ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

